

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 301
Dt.: 12-07-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa


### ચીનની દાદાગીરી સામે ભારતનો માસ્ટરસ્ટ્રોક

# ભારત-ન્યૂઝીલેન્ડે વધાર્યા વ્યૂહાત્મક સંબંધો, ૧૮ સમજૂતિઓ પર મહોર

## પીએમ મોદી ન્યૂઝીલેન્ડના ઐતિહાસિક પ્રવાસ અંતર્ગત ઓકલેન્ડ પહોંચ્યા જ્યાં તેમણે પોતાના સમકક્ષ ક્રિસ્ટોફર લક્સન સાથે દ્વિપક્ષીય મંત્રણા કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ન્યુઝીલેન્ડની મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધોમાં એક નવો ઐતિહાસિક સીમાચિહ્નરૂપ બની. પીએમ મોદી અને કીવીના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન વચ્ચે શિખર-સ્તરની વાતચીત બાદ, બંને દેશોએ ઔપચારિક રીતે તેમના સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીમાં અપગ્રેડ કરવાનો નિર્ણય લીધો અને 'ભારત-ન્યુઝીલેન્ડ વ્યૂહાત્મક ભાગીદારી: રોડમેપ ૨૦૩૦' ને મંજૂરી આપી. આ સાથે, સંરક્ષણ, વેપાર, રમતગમત, પશુપાલન, આપત્તિ વ્યવસ્થાપન, દરિયાઈ સુરક્ષા અને આતંકવાદ વિરોધી સહયોગને સમાવિષ્ટ કરીને ૧૮ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

સંયુક્ત નિવેદનમાં, બંને રાષ્ટ્રોએ આગામી વર્ષોમાં દ્વિપક્ષીય અને બહુપક્ષીય સહયોગને નવી ઊંચાઈએ પહોંચાડવાના હેતુથી લાંબા ગાળાની વ્યૂહરચના પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને પુષ્ટિ આપી. બંને વડા પ્રધાનો, વિદેશ પ્રધાનો અને વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે નિયમિત ઉચ્ચ-સ્તરીય સંવાદો અને વાર્ષિક બેઠકો યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો. વધુમાં, બંને દેશોની સંસદ વચ્ચે સહયોગ વધારવા અને સંસદસભ્યોના આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવાના પ્રયાસો કરવામાં આવશે.

આ બેઠકના પરિણામે ૨૦૨૫ માટે ભારત-ન્યુઝીલેન્ડ સંરક્ષણ સહયોગ કરારને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે કરાર થયો. બંને રાષ્ટ્રોના સંરક્ષણ મંત્રાલયો અને સશસ્ત્ર દળો વચ્ચે નિયમિત સંવાદને સંસ્થાકીય બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો.

વધુમાં, સંયુક્ત ટાસ્ક ફોર્સ-૧૫૦ ના માળખા હેઠળ હાથ ધરવામાં આવેલા દરિયાઈ સુરક્ષા, આતંકવાદ વિરોધી અને માદક દ્રવ્યોની તસ્કરી સામેની લડાઈ અંગે ચાલી રહેલા સહયોગને સ્વીકારવામાં આવ્યો અને પ્રશંસા કરવામાં આવી.

બંને રાષ્ટ્રોએ દરિયાઈ સહકાર વ્યવસ્થા (MCA), હાઈડ્રોગ્રાફી સહયોગ અને પરસ્પર લોજિસ્ટિક્સ સપોર્ટ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે પણ સંમતિ આપી. ભારત-પ્રશાંત ક્ષેત્રમાં સુરક્ષા સહયોગ વધારવા માટે વાર્ષિક દરિયાઈ સુરક્ષા સંવાદ શરૂ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો.

લગભગ ૪૦ વર્ષ બાદ કોઈ ભારતીય પ્રધાનમંત્રીએ ન્યૂઝીલેન્ડનો પ્રવાસ કર્યો જે બંને દેશોના સંબંધો માટે ઐતિહાસિક સાબિત થયો. ઓકલેન્ડમાં પીએમ મોદી અને





ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રીની મુલાકાત બાદ બંને દેશોએ મળીને કુલ ૧૮ મોટી સમજૂતિઓ અને જાહેરાતો પર સહમતિ વ્યકત કરી. જેમાં ૧૦ એમઓયુ અને ૮ મોટા એલાન સામેલ છે. આ નિર્ણયોથી ભારત અને ન્યૂઝીલેન્ડના સંબંધને હવે સ્ટ્રેટેજિક પાર્ટનરશીપનો દરજ્જો મળ્યો છે.

રક્ષા, દરિયાઈ સુરક્ષા, વેપાર, કૃષિ, શિક્ષણ, ખેલ અને સંસ્કૃતિ જેવા અનેક ક્ષેત્રોમાં હવે બંને દેશો મળીને કામ કરશે. જેનાથી ઈન્ડો પેસેફિકમાં ચીનના વધતા પ્રભાવને કાઉન્ટર બેલેન્સ તરીકે પણ ગણવામાં આવી રહ્યું છે.

સૌથી મહત્વની સમજૂતિ રક્ષા અને સમુદ્રી સુરક્ષાને લઈને થઈ. ભારત અને ન્યૂઝીલેન્ડની સેનાઓ હવે સમુદ્રી સુરક્ષા, જાણકારી શેર કરશે અને જોઈન્ટ અભ્યાસમાં સાથે કામ કરશે. બંને દેશોએ સમુદ્ર સંલગ્ન નકશા અને હાઈડ્રોગ્રાફી ડેટા શેર કરવા ઉપર પણ સહમતિ જતાવી છે. જેનાથી દરિયાઈ માર્ગોની સુરક્ષા વધુ સારી થશે. એક અન્ય સમજૂતિ હેઠળ બંને દેશોની સેનાઓ જરૂર પડ્યે એક બીજાને લોજિસ્ટિક સપોર્ટ પણ આપશે.

ભારત અને ન્યૂઝિલેન્ડ વચ્ચે આ સમજૂતિઓ પર સહમતિ

૧. ભારતના વિદેશ મંત્રાલયે જણાવ્યું કે બંને નેતાઓની બેઠકમાં ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે રણનીતિક ભાગીદારી માટે ૨૦૩૦ સુધી એક રોડમેપ પર સહમતિ જતાવી છે. જેમાં સંબંધોને રણનીતિક ભાગીદારીનો દરજ્જો આપવામાં આવ્યો છે. જેનાથી ભારત અને ન્યૂઝીલેન્ડ ભાગીદારીને દિશા આપવા માટે વ્યવસ્થિત રોડમેપ મળશે.

૨. ભારતના રક્ષા મંત્રાલય અને ન્યૂઝીલેન્ડ ડિફેન્સ ફોર્સ વચ્ચે સમુદ્રી સહયોગ પર મેમોરેન્ડમ ઓફ અરેન્જમેન્ટ પર સહમતિ બની. જેનાથી ઈન્ડો પેસિફિક વિસ્તારમાં સમુદ્રી સુરક્ષા સહયોગ અને ઈન્ટરઓપરેટિબિલિટીને પ્રોત્સાહન મળશે.

૩. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે હાઈડ્રોગ્રાફી અને નોટિકલ કાર્ટોગ્રાફીના કેસોમાં સહયોગ માટે અમલીકરણ વ્યવસ્થા પર સમહતિ બની છે.

૪. ભારતીય નેવી અને ન્યૂઝીલેન્ડ ડિફેન્સ ફોર્સના આપસી લોજિસ્ટિક્સ સહાયતા પર સહમતિ બની છે. તે બંને ફોર્સ વચ્ચે લોજિસ્ટિકલ સપોર્ટને સરળ બનાવે છે.

૫. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે આતંકવાદ વિરુદ્ધ સંયુક્ત કાર્ય સમૂહ બનાવવા પર સહમતિ બની છે. જેનાથી બંને દેશ આતંકવાદીઓ સંલગ્ન જાણકારી શેર કરશે અને મળીને રણનીતિ બનાવશે.

૬. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ક્ષેત્રમાં પણ બંને દેશોએ સમજૂતિ કરી છે. ભૂકંપ, ત્સુનામી, અને અન્ય કુદરતી આફતોને પહોંચી વળવા માટે અનુભવ અને ટેક્નોલોજી શેર કરાશે.

૭. પશુપાલન અને ડેરી ક્ષેત્રે પણ સમજૂતિ થઈ છે. જે ટેક્નિકલ સહયોગ, જાણકારીનું આદાન પ્રદાન વગેરેને પ્રોત્સાહન આપશે. તેનો હેતુ ખેડૂતોને ફાયદો પહોંચાડવાનો અને ખાદ્ય સુરક્ષા મજબૂત કરવાનો છે.

૮. પર્યટન ક્ષેત્રે મેમોરેન્ડમ ઓફ અરેન્જમેન્ટ હેઠળ બંને તરફથી પર્યટન અને લોકો વચ્ચે આપસી મેળ મિલાપ વધારવા પર પ્રોત્સાહન આપવામાં આવશે.

૯. ભારત અને ન્યૂઝીલેન્ડે ખેલ પર સંયુક્ત કાર્ય યોજના પર સહમતિ જતાવી છે. જેમાં ખેલોને પ્રોત્સાહન અપાશે. જેમાં હાઈ પરફોર્મન્સ ખેલ, ખેલ વિજ્ઞાન અને ખેલ ચિકિત્સા સામેલ છે.

૧૦. ગુજરાતના લોથલમાં નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC)ના વિકાસ માટે દ્રસ્ઉઁઝ અને ન્યૂઝીલેન્ડ મેરીટાઈમ મ્યૂઝિયમ વચ્ચે સમજૂતિ કરાર પર સહમતિ.

૧૧. ભારતના સંસ્કૃતિ મંત્રાલય અને ન્યૂઝીલેન્ડના સંસ્કૃતિ અને વારસા મંત્રાલય વચ્ચે સાંસ્કૃતિક સહયોગ વધારવા પર સમજૂતિ. જે હેઠળ કલા, વારસા, અને સાંસ્કૃતિક પહેલોમાં સહયોગને પ્રોત્સાહન અપાશે.

૧૨. ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને ૩૫૦૦૦ કરોડ રૂપિયા કે ૭ અબજ ન્યૂઝીલેન્ડ ડોલર સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક રખાયો છે. આ સાથે જ વ્યવસાયો માટે નવી તકો, નિકાસને પ્રોત્સાહન આપવા અને યુવાઓ માટે નવી નોકરીઓ પેદા કરાશે.

૧૩. બંને દેશો વચ્ચે સમુદ્રી સુરક્ષા પર વાતચીત શરૂ કરવા પર સહમતિ થઈ છે. જે હેઠળ સમુદ્રી ક્ષેત્રે સહયોગ, સમન્વય, અને જાણકારીની આદાન પ્રદાનને મજબૂત કરવાનું સામેલ છે.

૧૪. ન્યૂઝીલેન્ડે ઈન્ડો પેસિફિક ઓશન્સ ઈનિશિએટિવ હેઠળ સમુદ્રી સુરક્ષાને એક પ્રાથમિકતાવાળા સ્તંભ તરીકે પસંદ કર્યો છે. જે હેઠળ ગેરકાયદેસર, રિપોર્ટ કરાયા વગરની અને અનિયમિત માછલી પકડવા જેવી ગતિવિધિને પહોંચી વળવા જેવા ક્ષેત્રોમાં સહયોગ થઈ શકશે.

૧૫. ન્યૂઝીલેન્ડ ગ્લોબલ બાયોફ્યૂલ્સ અલાયન્સમાં સામેલ થયું. તે બાયોફ્યૂલ પર આંતરરાષ્ટ્રીય સહયોગને મજબૂત કરશે.

૧૬. કિવી ફૂટ એક્શન પ્લાનની સ્થાપના. જે હેઠળ નાગાલેન્ડ તથા ઉત્તરાખંડમાં કિવીના ઉત્પાદન માટે ૨ સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપિત કરાશે.

૧૭. નેશનલ સેન્ટર ફોર પોલર એન્ડ ઓશન રિસર્ચ, ગોવા તથા યુનિવર્સિટી ઓફ કૈટરબરી, ન્યૂઝીલેન્ડ વચ્ચે સમજૂતિ કરાર પર હસ્તાક્ષર થયા છે. જેનાથી એન્ટાર્કટિક ક્ષેત્રની સમજ વિક્સિત કરવામાં સંયુક્ત સંશોધન અને શૈક્ષણિક આદાન પ્રદાનને પ્રોત્સાહન મળશે.

૧૮. નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ફૂડ ટેક્નોલોજી, આંતરપ્રિન્યોરશિપ એન્ડ મેનેજમેન્ટ, કુંડળી અને મૈસી યુનિવર્સિટી, ન્યૂઝીલેન્ડ વચ્ચે ૈ પર હસ્તાક્ષર થયા. જે હેઠળ સંશોધન અને શૈક્ષણિક આદાન પ્રદાનમાં સહયોગ માટે એક માળખું તૈયાર કરાશે.

વિશેષજ્ઞોનું માનવું છે કે રક્ષા, સમુદ્રી સુરક્ષા, લોજિસ્ટિક સપોર્ટ અને ઈન્ડો પેસિફિકમાં વધતા સહયોગથી ભારત અને ન્યૂઝીલેન્ડની ભાગીદારી વધુ મજબૂત થશે.

એવા સમયમાં કે જ્યારે ચીન આ વિસ્તારમાં પોતાનો દબદબો વધારી રહ્યો છે, બંને દેશો વચ્ચે થયેલી આ સમજૂતિઓ એક મજબૂત રણનીતિક સંતુલન બનાવવાની દિશામાં મહત્વનું પગલું ગણાઈ રહ્યું છે. તેનાથી સમુદ્રી સુરક્ષા, વેપાર અને ક્ષેત્રીય સ્થિરતાને પણ મજબૂતી મળવાની આશા છે.

### દૂતાવાસે જાહેર કર્યો હેલ્પલાઈન નંબર

## વિયેતનામમાં ભારતીય પ્રવાસીઓથી ભરેલી બોટ પલટી, ૧૫ ના મોત થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)વિયેતનામ

વિયેતનામમાં ભારતીય પ્રવાસીઓ સાથે જોડાયેલા મોટા સમાચાર સામે આવી રહ્યા છે. અહીં ફુ ક્વોક દ્વીપ પાસે એક બોટ પલટી ગઈ. આ બોટ ભારતીય પ્રવાસીઓને લઈ જઈ રહી હતી. ભારતીય દૂતાવાસે માહિતી આપી છે કે તેઓ સ્થાનિક અધિકારીઓના સંપર્કમાં છે. સ્થિતિ પર બારીકાઈથી નજર રાખવામાં આવી રહી છે.

વિયેતનામમાં ભારતીય દૂતાવાસે એક્સ (X) પર પોસ્ટ કરતા કહ્યું કે આ એક દુઃખદ ઘટના છે. થોડા કલાકો પહેલા વિયેતનામના ફુ ક્વોક દ્વીપ પાસે ઘણા ભારતીય પ્રવાસીઓને લઈ જઈ રહેલી એક બોટ પલટી ગઈ. ઘટનાની ચોક્કસ માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. સ્થાનિક અધિકારીઓ તરફથી રેસ્ક્યુ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. ફુ ક્વોકના સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના અધિકારીઓ પાસેથી મળેલી માહિતી મુજબ, બપોરે ૧ વાગ્યે ઓશન પિયર આઈલેન્ડ કંપનીની એક સ્પીડબોટ પ્રવાસીઓને હોન મે રૂટથી એન થોઈ પોર્ટ લઈ જઈ રહી હતી. આ ફુક્વોક એરપોર્ટથી ૨૫ કિલોમીટર દૂર છે. ત્યારે જ હોન મે રૂટ ન્ગોઈથી અંદાજે ૪૯૯ મીટર દૂર તે પલટી ગઈ. આનાથી તેમાં સવાર તમામ લોકો સમુદ્રમાં પડી ગયા. પલટેલી બોટને જોઈને નજીકની પ્રવાસીઓની બોટો મદદ માટે પહોંચી. રેસ્ક્યુમાં સામેલ એક બોટના માલિકે જણાવ્યું કે તેમની બોટ ઘટનાસ્થળે પાંચ મિનિટમાં પહોંચી ગઈ હતી. પરંતુ રેસ્ક્યુમાં મુશ્કેલી એટલા માટે આવી, કારણ કે બોટની અંદર લોકો ફસાયેલા હતા.તેમણે માહિતી આપી કે ખૂબ જ ઓછા લોકો હોશમાં આવી શક્યા. વિસ્તારમાં વરસાદ પડી રહ્યો ન હતો.

સમુદ્રના મોજા ખૂબ તેજ હતા. વરસાદ ન હતો પડતો. તે વિસ્તારમાં પ્રવાસી બોટો ચાલી રહી હતી. એન થોઈ બોર્ડર ગાર્ડે ઘટનાસ્થળે બે જહાજ અને ૩૫ અધિકારીઓ તેમજ સૈનિકો મોકલ્યા, જેઓ નૌસેના, કોસ્ટ ગાર્ડ અને અન્ય સંબંધિત દળો સાથે બચાવ કાર્યમાં સામેલ થયા. બપોર સુધીમાં રેસ્ક્યુએ સ્પીડબોટમાં સવાર તમામ ૩૬ લોકોને કિનારા સુધી પહોંચાડી દીધા હતા. ૨૧ લોકો બચી ગયા. ૧૫ અન્ય જેમાં બે મહિલાઓ અને ૧૩ પુરુષો સામેલ હતા, તેમના મોતની પુષ્ટિ થઈ.

આ સિવાય દૂતાવાસે જણાવ્યું છે કે પ્રભાવિત પરિવારોને માહિતી અને મદદ આપવા માટે, હો ચી મિન્હ સિટીમાં ભારતના વાણિજ્ય દૂતાવાસમાં એક કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે. આ નંબરો પર સંપર્ક કરી શકાય છે: +૮૪ ૩૬ ૨૮૧ ૭૯૩૦, +૮૪ ૯૧ ૫૫૨ ૩૭ ૧૪ અને +૮૪ ૩૩ ૪૫૨ ૦૪૧૪.

હનોઈમાં પણ એક કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે, જેના પર +૮૪૯૧ ૩૦૮૯૧૬૫ પર સંપર્ક કરી શકાય છે. અમે કોઈપણ મદદ અને સવાલ માટે ઉપલબ્ધ છીએ.

## ન્યુઝીલેન્ડમાં મોદીએ જૂની યાદોને તાજી કરીઃ ૨૫-૩૦ વર્ષ પહેલા મને ભેટમાં મળેલું મફલર આજે પણ મેં સાચવીને રાખ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ઓકલેન્ડ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં ભારતીય સમુદાયના કાર્યક્રમમાં હાજરી આપી અને ભારતીયોને સંબોધિત પણ કર્યા. કોમ્યુનિટી ઈવેન્ટમાં ભારતીય સમુદાય સમક્ષ પોતાની ખુશી વ્યક્ત કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, "આજે ૪૦ વર્ષ પછી કોઈ ભારતીય વડાપ્રધાન ન્યુઝીલેન્ડ આવ્યા છે. આ મારું ખૂબ મોટું સૌભાગ્ય છે કે હું તમારા માટે ૧૪૦ કરોડ ભારતીયોની શુભેચ્છાઓ લઈને આવ્યો છું." આ દરમિયાન પીએમ મોદીએ મંચ પરથી પોતાની એક ૨૫-૩૦ વર્ષ જૂની વાત ભારતીયોને જણાવી, જે દરેકના દિલને સ્પર્શી ગઈ.

પીએમ મોદીએ ૨૫થી ૩૦ વર્ષ જૂની તે યાદને તાજી કરી, જ્યારે તેઓ ભારતની સક્રિય રાજનીતિ કે સરકારના ભાગ નહોતા અને જાહેર જીવનમાં કોઈ તેમને ઓળખતું પણ નહોતું.

વડાપ્રધાન મોદીએ તે સમયને યાદ કરતાં ભાવુક થઈને કહ્યું કે, "આ વડાપ્રધાન તરીકે આ મારી પહેલી યાત્રા હોઈ શકે છે, પરંતુ ૨૫-૩૦ વર્ષ પહેલાં, જ્યારે હું કોઈ સરકારનો ભાગ નહોતો અને જાહેર જીવનમાં મને કોઈ ઓળખતું નહોતું, ત્યારે મને ન્યુઝીલેન્ડ આવવાનો અવસર મળ્યો હતો. તે વખતે મને એક મફલર અને એક ટોપી ભેટમાં મળી હતી. આજે હું તે જ મફલર પહેરીને તમારી વચ્ચે આવ્યો છું. આ મને ૨૫-૩૦ વર્ષ પહેલાં ન્યુઝીલેન્ડના એક સાથીએ ભેટમાં આપ્યું હતું. મેં વર્ષો સુધી તેનો ઉપયોગ કર્યો છે અને આજે પણ તેને એવી જ રીતે સાચવીને રાખ્યું છે, જેવી રીતે હું તમે બધાના પ્રેમને સાચવીને રાખું છું."

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેના મજબૂત કૂટનીતિક અને સાંસ્કૃતિક સંબંધો પર ભાર આપીને PM મોદીએએ કહ્યું કે, આ સંબંધોના મૂળ ઘણા ઊંડા છે. તેમણે કહ્યું, "ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેના સંબંધોમાં યાદો પણ છે, દોસ્તી પણ છે, મૂલ્યો પણ છે અને એક પ્રતિબદ્ધતા પણ છે."

પીએમ મોદીએ કહ્યું કે, "દરેક યુગમાં, દરેક સમયમાં ભારતે પોતાને પરિવર્તિત (TRANSFORM) કર્યું છે અને તેનું કારણ છે અમારી શીખવાની તલપ. ભારત દરેક પાસેથી શીખે છે. અમારા માટે સામેના દેશની વસ્તી નહીં, પરંતુ જનકલ્યાણની ભાવના મહત્ત્વની છે. તેથી અમે ન્યુઝીલેન્ડ પાસેથી પણ ઘણું શીખ્યા છીએ. ન્યુઝીલેન્ડ એવો દેશ છે જેણે સૌથી પહેલા મહિલાઓને મતાધિકાર આપ્યો હતો. આજે અમે જોઈએ છીએ કે ન્યુઝીલેન્ડમાં મહિલાઓ ખૂબ મોટા પાયે યોગદાન આપી રહી છે. ભારત પણ આજે 'મહિલા નેતૃત્વ વિકાસ'ના મંત્ર સાથે મહિલાઓ માટે નવી તકોનાં દ્વાર ખોલી રહ્યું છે."

## ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

E20 પેટ્રોલને લઈને સતત સવાલો ઉઠી રહ્યા છે, જેના પર સરકાર તરફથી જવાબો પણ આવી રહ્યા છે. હવે આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો છે. E20 પર અરજીકર્તાએ એડવોકેટ નરેન્દ્ર મિશ્રા દ્વારા એક જનહિત અરજી (PIL) દાખલ કરી છે. આ અરજીમાં સર્વોચ્ચ અદાલત પાસે માંગ કરવામાં આવી છે કે, દેશભરના તમામ ફ્યુઅલ સ્ટેશનો (પેટ્રોલ પંપ) પર સામાન્ય અને E10 (10% ઈથેનોલ-બ્લેન્ડેડ) પેટ્રોલ સતત અને કોઈ પણ અડચણ વિના ઉપલબ્ધ રહેવું જોઈએ, જેથી ગ્રાહકોને સ્પષ્ટપણે પસંદગી કરવાની તક મળી શકે.

સુપ્રીમ કોર્ટ પાસે અરજીકર્તાની માંગ છે કે, કેન્દ્ર સરકારને આદેશ આપવામાં આવે કે, તેઓ તમામ ફ્યુઅલ ડિસ્પેન્સિંગ યુનિટ્સ (ઈંધણ ભરવાના મશીનો) પર ઈથેનોલની માત્રા વિશે ફરજિયાતપણે લેબલ લગાવે, જે ગ્રાહકોને સ્પષ્ટ રીતે દેખાઈ શકે. સાથે જ એવા અગ્રણી સાઈનબોર્ડ લગાવવામાં આવે, જે ગ્રાહકોને એ માહિતી આપે કે, તેમનું વાહન તે ઈંધણ માટે સુસંગત છે કે નહીં.

### ઈરાનને અમેરિકાનું ૨૪ કલાકનું અલ્ટીમેટમ

## હોર્મૂઝને સંપૂર્ણ રીતે ખોલવા ટ્રમ્પનું ઈરાનને અલ્ટીમેટમ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ ફરી એક વખત ગંભીર સ્તરે પહોંચી રહ્યો છે. અમેરિકાએ ઈરાનને ૨૪ કલાકનું અલ્ટીમેટમ આપતાં સ્પષ્ટ કહ્યું છે કે તે જાહેર રીતે જાહેરાત કરે કે હોર્મુઝની જળસંધિ તમામ વેપારી જહાજો માટે ખુલ્લી રહેશે અને વેપારી જહાજો પરના હુમલા બંધ કરવામાં આવશે. અમેરિકન અધિકારીઓએ ચેતવણી આપી છે કે, જો ઈરાન આવું નહીં કરે તો તેને ગંભીર પરિણામોનો સામનો કરવો પડી શકે છે. Axiosના અહેવાલ મુજબ, ટ્રમ્પ પ્રશાસને ઈરાનને સ્પષ્ટ સંદેશ મોકલ્યો છે કે તે જાહેરમાં હોર્મુઝની જળસંધિને ખુલ્લી રાખવાની અને વેપારી જહાજો પર હુમલા ન કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે. અહેવાલમાં અમેરિકન અધિકારીઓના હવાલાથી જણાવાયું છે કે,આ સંદેશ ઈરાન સુધી સીધો તેમજ પ્રાદેશિક મધ્યસ્થો મારફતે પહોંચાડવામાં આવ્યો છે.એક અમેરિકન અધિકારીએ કહ્યું હતું કે, "જો આવતીકાલ સુધી ઈરાન આ ડિમાન્ડને સત્તાવાર રીતે નહીં અનુસરે તો તેનો દિવસ સારો નહીં જાય."

અહેવાલ મુજબ અમેરિકા ઈચ્છે છે કે, ઈરાન જાહેરમાં જાહેરાત કરે કે હોર્મુઝની જળસંધિમાંથી પસાર થતા તમામ વેપારી જહાજોની અવરજવર સુરક્ષિત રહેશે અને તેમના પર કોઈ હુમલો ન થાય. ઉપરાંત, અમેરિકા ઈચ્છે છે કે ઈરાન સ્વીકારે કે તેની અગાઉની કાર્યવાહી ખોટી હતી અને ભવિષ્યમાં આ સમુદ્રી માર્ગ ખુલ્લો રહેશે તેમજ અહીંથી પસાર થતા જહાજો પર કોઈ પ્રકારનો ટોલ અથવા શુલ્ક વસૂલવામાં નહીં આવે.

Axiosના અહેવાલ અનુસાર, અમેરિકન અધિકારીઓનું માનવું છે કે ઈરાને ગયા મહિને થયેલા સમજૂતી કરારનું ઉલ્લંઘન કર્યું છે. અમેરિકાનો આરોપ છે કે ઈરાને વેપારી જહાજોને નિશાન બનાવ્યા હતા, જેના જવાબમાં અમેરિકાએ બે વખત સૈન્ય કાર્યવાહી કરી હતી. વધતા તણાવ વચ્ચે શનિવારે ઓમાનની રાજધાની મસ્કટમાં ઈરાન અને ઓમાનના અધિકારીઓ વચ્ચે મહત્વપૂર્ણ બેઠક યોજાવાની છે.




# તંત્રી લેખ......

## ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ

સરકારે આખરે સ્પષ્ટતા કરી છે કે ઈ-૨૦ બળતણ, એટલે કે, ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ, વાહનના માઈલેજમાં થોડો ઘટાડો કરી શકે છે, પરંતુ તે ઉર્જા સુરક્ષા, સ્વચ્છ પર્યાવરણ અને ખેડૂતો માટે ફાયદાકારક છે. વધુમાં, તે વિદેશી હૂંડિયામણ બચાવવામાં મદદ કરે છે.

જો આ સ્પષ્ટતા પહેલા આવી હોત તો વધુ સારું થાત, કારણ કે ડિજિટલ મીડિયા પર ઘણા સમયથી અપ્રમાણિત અહેવાલો ફરતા થયા છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે ૨૦ ટકા ઈથેનોલ ધરાવતું પેટ્રોલ ઈંધણના માઈલેજને નોંધપાત્ર રીતે ઘટાડે છે અને વાહનોના એન્જિનને નુકસાન પહોંચાડે છે. કેટલાક લોકોએ નકલી વિડિઓઝ પણ શેર કરી હતી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઈ-૨૦ પેટ્રોલને કારણે તેમના વાહનો રસ્તાની વચ્ચે અટકી ગયા છે.

આ ખોટી માહિતીને ધ્યાનમાં રાખીને, સરકારે, અને ખાસ કરીને પેટ્રોલિયમ મંત્રાલયે, તાત્કાલિક કાર્યવાહી કરીને પરિસ્થિતિ સ્પષ્ટ કરવી જોઈતી હતી. આ મોડું થયું હોવા છતાં, કરવામાં આવ્યું હતું, પરંતુ ઈ-૨૦ પેટ્રોલ પાંચથી છ વર્ષ જૂના વાહનો માટે પણ યોગ્ય છે કે કેમ તે અંગે હજુ પણ સ્પષ્ટતાની જરૂર છે. પેટ્રોલિયમ મંત્રાલય, તેમજ ઓટો કંપનીઓ, આવી સ્પષ્ટતા આપવા માટે આગળ આવે તે યોગ્ય રહેશે.

એ વાત સાચી છે કે કેટલાક કાર કંપનીના અધિકારીઓએ જનતાને ખાતરી આપી છે, પરંતુ જો સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ, જે ઓટો કંપનીઓનું સંગઠન છે, તેણે પણ આ મુદ્દા પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હોત તો વધુ સારું થાત. આ સંગઠનનું પ્રાથમિક કાર્ય ઓટો ક્ષેત્ર માટે નીતિઓ, સલામતી ધોરણો અને ઉત્સર્જન નિયમો સ્થાપિત કરવા માટે સરકાર સાથે કામ કરવાનું છે.

સરકારે ઈ-૨૦ મુદ્દા પરથી શીખવું જોઈએ કે, કોઈપણ નવી પહેલ હાથ ધરતી વખતે, હિસ્સેદારોને વિશ્વાસમાં લેવા અને તેના ઉદ્દેશ્યો વિશે જનતાને જાણ કરવી જરૂરી છે. એવું માનવાના સારા કારણો છે કે એક એજન્ડાથી પ્રેરિત લોબીએ ઈ-૨૦ ઈંધણ વિરુદ્ધ પ્રચાર ઝુંબેશ શરૂ કરી છે. નીતિ નિર્માતાઓએ આવા એજન્ડા બનાવનારાઓ સામે હંમેશા સતર્ક રહેવું જોઈએ. જો પહેલા દિવસથી જ સ્પષ્ટ હોત કે ઈ-૨૦ ઈંધણ માઈલેજ માત્ર ૩-૪ ટકા ઘટાડે છે અને તેનો ઉપયોગ એન્જિન પર કોઈ પ્રતિકૂળ અસર કરતું નથી, તો ઈથેનોલ-મિશ્રિત પેટ્રોલ વિરુદ્ધ પ્રચાર ફેલાવનારાઓને સક્રિય થવાની તક મળી ન હોત. છેવટે, ઈ-૧૦ પેટ્રોલ આ પહેલા પણ ઉપયોગમાં હતું, અને તેના વિશે કોઈ ફરિયાદ નહોતી.એ પણ અવગણવું જોઈએ નહીં કે વિશ્વના ઘણા દેશોમાં, પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ઉમેરવામાં આવે છે. બ્રાઝિલ બાયોફ્યુઅલમાં વૈશ્વિક નેતા છે. અહીં, નિયમિત પેટ્રોલમાં ૨૭ થી ૩૦ ટકા ઈથેનોલ ઉમેરવામાં આવે છે.

### અદૃશ્ય થઈને હુમલો કરવાની ક્ષમતા!

## ભારતીય નૌસેનામાં સામેલ થયું INS મહેન્દ્રગિરી, ચીન-પાકિસ્તાનમાં ફફડાટ

(સંપૂર્ણ સમાચાર સેવા)વિશાખાપટ્ટનમ

હિંદ મહાસાગર અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં વધી રહેલા વ્યૂહનીતિ તણાવ અને વૈશ્વિક પડકારો વચ્ચે ભારતીય નૌસેનાની તાકાતમાં આજે એક ઐતિહાસિક વધારો થયો છે. સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે આજે વિશાખાપટ્ટનમના નેવલ ડૉકયાર્ડ ખાતે આયોજિત એક ભવ્ય સમારોહમાં એડવાન્સ્ડ સ્ટીલ્થ ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ આઈએનએસ મહેન્દ્રગિરી (F-38)ને ભારતીય નૌસેનામાં વિધિવત રીતે સામેલ કર્યું છે.

આ ખાસ પ્રસંગે સંરક્ષણમંત્રીને ડૉકયાર્ડમાં ગાર્ડ ઑફ ઓનર પણ આપવામાં આવ્યું હતું. આ યુદ્ધપોતનું કમિશનિંગ એવા સમયે થયું છે જ્યારે વૈશ્વિક સ્તરે દરિયાઈ સુરક્ષાની ચિંતાઓ વધી ગઈ છે. સમુદ્રના મોજાંને ચીરતા આ અત્યાધુનિક યુદ્ધપોત પર જ્યારે તિરંગો લહેરાવવામાં આવ્યો, ત્યારે તે માત્ર નૌસેનાની લડાયક ક્ષમતા જ નહીં, પરંતુ આત્મનિર્ભર ભારતની વધતી જતી શક્તિનું પણ પ્રતીક બન્યું છે. છેલ્લા એક વર્ષમાં નૌસેનામાં સામેલ થયેલા વોરશિપની સંખ્યા ૧૮ને પાર થઈ ગઈ છે, અને વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં આટલા જ વધુ જહાજોને બેડામાં સામેલ કરવાની તૈયારીઓ ચાલી રહી છે.

આ મહાશક્તિશાળી ફ્રિગેટનું નામ ઓડિશા અને આંધ્રપ્રદેશની સરહદ પર આવેલા પૂર્વીય ઘાટની મહેન્દ્રગિરી પર્વત શ્રૃંખલા પરથી રાખવામાં આવ્યું છે, જે અખંડ તાકાત અને ભારતીય વિરાસતને દર્શાવે છે. પ્રોજેક્ટ 17A હેઠળ તૈયાર કરવામાં આવેલું INS મહેન્દ્રગિરી એક નીલગિરી-ક્લાસ સ્ટીલ્થ ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ છે. તેને ઈન્ડિયન નેવીના વોરશિપ ડિઝાઈન બ્યુરોએ ડિઝાઈન કર્યું છે, જ્યારે તેનું નિર્માણ મુંબઈના મઝગાંવ ડૉક શિપબિલ્ડર્સ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે આ યુદ્ધપોતમાં ૭૫%થી વધુ સ્વદેશી ઉપકરણો અને સ્વદેશી ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. INS મહેન્દ્રગિરીને ભવિષ્યના આધુનિક નૌસેનિક યુદ્ધ અને લાંબી દૂરીના મિશનોને ધ્યાનમાં રાખીને જ તૈયાર કરવામાં આવ્યું છે. આ જહાજ એકસાથે અનેક મોરચે દુશ્મનોનો ખાતમો કરવાની ક્ષમતા ધરાવે છે. તે હવાઈ હુમલા રોકવા, દરિયાઈ સપાટી પર હુમલો કરવા અને સબમરીન વિરોધી ઓપરેશન્સને અત્યંત સચોટતાથી અંજામ આપી શકે છે. તેનું ખાસ સ્ટીલ્થ ડિઝાઈન દુશ્મનના રડારને આસાનીથી ચકમો આપી શકે છે, જેનાથી યુદ્ધના સમયે ભારતને વ્યૂહાત્મક ફાયદો મળશે.

આ જહાજ અત્યાધુનિક સરફેસ-ટુ-સરફેસ અને સરફેસ-ટુ-એર મિસાઈલ સિસ્ટમ, એડવાન્સ રડાર અને ઈલેક્ટ્રોનિક વોરફેર સૂટથી સજ્જ છે. યુદ્ધ સિવાય તે લાંબી દૂરીની દેખરેખ અને આપત્તિના સમયે માનવીય સહાયતા પહોંચાડવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવશે, જે ચીન સહિતની તમામ વિરોધી શક્તિઓ માટે એક કડક સંદેશ છે.

આ ઐતિહાસિક અવસરે સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે આંધ્રપ્રદેશના ઔદ્યોગિક અને સામરિક ભવિષ્યને લઈને એક મોટો વિઝન દેશ સામે રજૂ કર્યો છે. સંરક્ષણમંત્રીએ જાહેરાત કરી છે કે આંધ્રપ્રદેશ આગામી સમયમાં દેશના સૌથી મોટા ડિફેન્સ અને ડ્રોન હબ તરીકે ઉભરી આવશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે જેમ સુરત દુનિયાની ડાયમંડ સિટી અને બેંગલુરુ દેશની સિલિકોન વેલી તરીકે ઓળખાય છે, તેમ કુરનૂલમાં સ્થાપિત થનારી ડ્રોન સિટીના કારણે આખો વિસ્તાર વૈશ્વિક સ્તરે દેશના ડ્રોન હબ તરીકે ઓળખાશે.

આંધ્રપ્રદેશ આકાશમાં અત્યાધુનિક વિમાનો, સમુદ્રની ઊંડાઈમાં શક્તિશાળી ટોર્પીડો, જમીન પર અને ડ્રોન ક્ષેત્રે ભારતની સંરક્ષણ પ્રણાલીને મજબૂત કરીને ચારેય દિશાઓથી દેશની સુરક્ષા અભેદ્ય બનાવી રહ્યું છે.

## બહુચરાજી માતાજીના ભક્તો માટે મોટી ખુશખબરઃ કટોસણ રોડ–બહુચરાજી–રણુજ રેલખંડ પર પ્રથમ વખત ૧૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે સફળ સ્પીડ ટ્રાયલઃ અંતિમ સંરક્ષા મંજૂરી મળ્યા બાદ ટૂંક સમયમાં મુસાફર ટ્રેન સેવા શરૂ








પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના કટોસણ રોડ–બહુચરાજી–રણુજ (૬૩ કિલોમીટર) બ્રોડગેજ રેલખંડનું રેલવે સંરક્ષા આયુક્ત (પશ્ચિમ સર્કલ) દ્વારા ૦૯ થી ૧૧ જુલાઈ, ૨૦૨૬ સુધી સફળતાપૂર્વક સંરક્ષા નિરીક્ષણ પૂર્ણ કરવામાં આવ્યું. આ નિરીક્ષણ આ રેલખંડ પર મુસાફર ટ્રેન સેવાઓના પ્રારંભ તરફનું એક મહત્વપૂર્ણ અને અંતિમ તકનીકી પગલું છે. ત્રણ દિવસીય નિરીક્ષણ દરમિયાન રેલવે સંરક્ષા આયુક્તે મોટર ટ્રોલી દ્વારા સમગ્ર રેલખંડનું વિગતવાર નિરીક્ષણ કર્યું. ૧૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ આ રેલખંડ પર ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે સફળ સ્પીડ ટ્રાયલ કરવામાં આવી, જેમાં રેલખંડ પર સુરક્ષિત મહત્તમ ગતિની પણ ચકાસણી કરવામાં આવી.

નિરીક્ષણ દરમિયાન ટ્રેકની ગુણવત્તા, સિગ્નલ અને દૂરસંચાર પ્રણાલી, પુલો, ઓવરહેડ ઈલેક્ટ્રિફિકેશન (OHE) સિસ્ટમ, ઈન્ટરલોકિંગ, ટ્રેક ફિટિંગ્સ, બેલાસ્ટ, OHEની ઊંચાઈ તેમજ અન્ય તમામ સંરક્ષા ધોરણોની વિગતવાર તપાસ કરવામાં આવી. અંતિમ સંરક્ષા મંજૂરી મળ્યા બાદ આ રેલખંડ પર મુસાફર ટ્રેન સેવાઓનું સંચાલન શરૂ કરવામાં આવશે.

આ નિરીક્ષણ દરમિયાન રેલવે સંરક્ષા આયુક્ત (પશ્ચિમ સર્કલ) શ્રી ઈ. શ્રીનિવાસ, અમદાવાદ મંડળના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ, મુખ્ય વહીવટી અધિકારી (નિર્માણ) શ્રી પ્રદીપ ગુપ્તા, ગુજરાત રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (જી-રાઈડ)ના ડિરેક્ટર શ્રી રાજકુમાર, જી-રાઈડના જનરલ મેનેજર (સિવિલ) શ્રી શિવેન્દ્ર કુમાર, મુખ્ય ટ્રેક એન્જિનિયર, મુખ્ય પરિચાલન પ્રબંધક (જી) સહિત નિર્માણ અને ઓપન લાઈન વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

**પરિયોજનાની મુખ્ય વિશેષતાઓ**

કટોસણ રોડ–બહુચરાજી–રણુજ (૬૩ કિમી) ગેજ પરિવર્તન પરિયોજનાને વર્ષ ૨૦૧૭માં મંજૂરી આપવામાં આવી હતી. અંદાજે રૂ.૧,૦૦૦ કરોડના ખર્ચે વિકસિત આ પરિયોજનાનું નિર્માણ ભારતીય રેલવે અને ગુજરાત રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (G-RIDE)ના સંયુક્ત ઉપક્રમ હેઠળ કરવામાં આવ્યું છે. આ રેલખંડ પર ૧૪ રેલવે સ્ટેશન, ૯ મોટા પુલ, ૧૦૦ નાના પુલ, ૪૭ રોડ અંડર બ્રિજ/લિમિટેડ હાઈટ સબ-વે (RUB/LHS) તેમજ ૧૬ વળાંકો (કર્વ) વિકસાવવામાં આવ્યા છે.

**બહુચરાજી સ્ટેશનનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્ત્વ**

આ રેલખંડનું મુખ્ય સ્ટેશન બહુચરાજી ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલું છે, જેને વિશ્વવિખ્યાત શ્રી બહુચર માતાજીના મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર તરીકે વિકસાવવામાં આવ્યું છે. બહુચર માતાજીનું મંદિર ગુજરાતના અગ્રણી શક્તિપીઠોમાંનું એક છે, જ્યાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. શ્રદ્ધાળુઓની સુવિધાને ધ્યાનમાં રાખીને તત્કાલીન મહારાજા સયાજીરાવ ગાયકવાડે ગાયકવાડ બરોડા રેલવે (GBR)નો વિસ્તાર બહુચરાજી સુધી કરાવ્યો હતો.

**વિસ્તારને મળશે આધુનિક રેલ સંપર્ક**

લાંબા સમય સુધી બહુચરાજી વિસ્તાર રેલ સંપર્કથી વંચિત રહ્યો હતો, જેના કારણે શ્રદ્ધાળુઓ, સ્થાનિક નાગરિકો તેમજ ઔદ્યોગિક એકમોને મુખ્યત્વે માર્ગ પરિવહન પર નિર્ભર રહેવું પડતું હતું. આ પરિયોજના પૂર્ણ થતાં હવે આ વિસ્તાર આધુનિક રેલવે નેટવર્ક સાથે જોડાવાનો માર્ગ મોકળો થયો છે, જેના પરિણામે ધાર્મિક પર્યટન, ઔદ્યોગિક વિકાસ તેમજ પ્રાદેશિક પરિવહન વ્યવસ્થાને નવી ગતિ મળશે.

**ત્રણ દિવસીય સંરક્ષા નિરીક્ષણ**

સંરક્ષા નિરીક્ષણના પ્રથમ દિવસે કટોસણ રોડથી બહુચરાજી, બીજા દિવસે બહુચરાજીથી ચાણસ્મા અને ત્રીજા દિવસે ચાણસ્માથી રણુજ સુધીના રેલખંડનું વિગતવાર નિરીક્ષણ કરવામાં આવ્યું. તમામ જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ થયા બાદ અને અંતિમ સંરક્ષા મંજૂરી મળ્યા પછી આ રેલખંડ પર મુસાફર ટ્રેન સેવાઓ શરૂ કરવાની પ્રક્રિયા આગળ વધારવામાં આવશે.

**પ્રાદેશિક વિકાસને મળશે નવી દિશા**

આ રેલખંડ શરૂ થતાં મહેસાણા અને પાટણ જિલ્લાના બહુચરાજી, ખાંભેલ અને ચાણસ્મા જેવા મુખ્ય કેન્દ્રો વધુ સારા રેલ સંપર્ક સાથે જોડાઈ જશે. તેના પરિણામે સ્થાનિક નાગરિકો, વિદ્યાર્થીઓ, નોકરીયાતો, વેપારીઓ તેમજ ઉદ્યોગોને સુરક્ષિત, કિફાયતી અને સુવિધાજનક પરિવહનની સુવિધા મળશે. સાથે જ વિશ્વવિખ્યાત શ્રી બહુચર માતાજીના મંદિરે દર્શન માટે આવતા લાખો શ્રદ્ધાળુઓની યાત્રા વધુ સરળ અને સુગમ બનશે. આ રેલ પરિયોજના વિસ્તારમાં રોજગાર સર્જન, પર્યટન, વેપાર અને ઔદ્યોગિક વિકાસને નવી ગતિ આપશે. સાથે જ પર્યાવરણને અનુકૂળ, સુરક્ષિત અને ટકાઉ રેલ પરિવહનને પ્રોત્સાહન આપતાં પ્રાદેશિક આર્થિક અને સામાજિક વિકાસને નવી દિશા પ્રદાન કરશે.

## મંડળ રેલ્વે ચિકિત્સાલય, પ્રતાપનગર ખાતે ફાઈબ્રોસ્કેન, લીવર સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન






પશ્ચિમ રેલ્વેના મંડળ રેલ્વે ચિકિત્સાલય, પ્રતાપનગર, વડોદરાના ઓપીડી રૂમમાં તબીબી વિભાગ દ્વારા મુખ્ય તબીબી અધિક્ષક ડૉ. દીપાલી તિવારીના માર્ગદર્શન હેઠળ લીવર સ્ક્રીનિંગ (ફાઈબ્રોસ્કેન) કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પનો ઉદ્દેશ્ય રેલ્વે અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના આશ્રિતોમાં લીવર સંબંધિત રોગોની પ્રારંભિક તબક્કામાં ઓળખ કરીને સમયસર સારવાર અને જરૂરી પરામર્શ ઉપલબ્ધ કરાવવાનો હતો.

પશ્ચિમ રેલ્વેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા બહાર પાડવામાં આવેલી એક અખબારી યાદી મુજબ, આ કેમ્પમાં કુલ ૬૭ રેલ્વે અધિકારીઓ, કર્મચારીઓ અને આશ્રિતોની ફાઈબ્રોસ્કેન તપાસ શ્રી અવિનાશ જગતાપ (BO) અને શ્રી સુનિલ પરમાર (ટેકનિશિયન), ઝાયડસ હેલ્થકેર લિમિટેડ, ડિસ્કવરી ડિવિઝન, વડોદરા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

મુખ્ય તબીબી અધિક્ષક ડૉ. દીપાલી તિવારીએ જણાવ્યું કે ફાઈબ્રોસ્કેન એક આધુનિક, સુરક્ષિત, દર્દ રહિત અને બિન-આક્રમક (નોન-ઈન્વેસિવ) તપાસ પદ્ધતિ છે, જેના માધ્યમથી લીવરમાં ચરબી (ફેટી લીવર) અને ફાઈબ્રોસિસ (લીવરમાં કઠોરતા/નુકસાન) નું ઝડપી મૂલ્યાંકન કરવામાં આવે છે. આ તપાસ ખાસ કરીને ડાયાબિટીસ, સ્થૂળતા, ફેટી લીવર, લાંબા સમય સુધી દારૂના સેવન, હેપેટાઈટીસ-બી/સી, લીવર એન્ઝાઈમમાં વધારો અને મેટાબોલિક સિન્ડ્રોમથી પીડિત વ્યક્તિઓ માટે અત્યંત ઉપયોગી છે.

ડૉ. દીપાલીના જણાવ્યા અનુસાર, સમયસર લીવરના રોગોની ઓળખ થવાથી યોગ્ય જીવનશૈલીમાં ફેરફાર, નિયમિત તબીબી પરામર્શ અને સારવાર દ્વારા સિરોસિસ અને અન્ય ગંભીર જટિલતાઓથી બચાવ શક્ય છે.

મંડળ રેલ્વે ચિકિત્સાલય દ્વારા સમય-સમય પર આવા સ્વાસ્થ્ય જાગૃતિ અને તપાસ કેમ્પ આયોજિત કરવામાં આવતા રહે છે, જેથી રેલ્વે પરિવારને વધુ સારી અને ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવી શકાય.

## સુરતના વિનાશકારી પૂર પાણી ઓસર્યા બાદ વધુ ૧૩ મૃતદેહો મળી આવ્યાઃ કુલ મૃત્યુ આંક ૪૧ પર પહોચ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ખરવાસા, લીંબાયત, આરોળી, ભેસ્તાનની ગલીઓ, કાદવ, કીચડમાંથી મૃતદેહો મળી આવ્યા, સુરતના વિનાશકારી જળ હોનારત બાદ વધુ ૧૩ મૃતદેહો મળી આવ્યા છે. વિનાશકારી વરસાદ અને પૂરે અત્યાર સુધીમાં ૪૧ લોકોનો ભોગ લીધો છે. સુરતમાં વિનાશકારી પૂર ઓસર્યા બાદ વધુ ૧૩ લોકોના મૃતદેહો મળી આવ્યા છે. આ સાથે જ પૂર હોનારતનો કુલ સત્તાવાર મૃત્યુ આંક ૪૧ પર પહોચી ગયો છે. સુરત શહેરમાં કુદરતી આપત્તિના રૂપે આવેલુ પૂર હવે કાળમુખુ સાબિત થઈ રહ્યુ છે. ભારે વરસાદના કારણે ઠેર ઠેર પાણી ભરાયા છે. જયારે અનેક દુકાનોમાં પાણી ઘુસી જવાના કારણે દુકાનદારોને આર્થિક નુકશાની વેઠવાનો વારો આવ્યો છે. હવે જયારે પૂર ના પાણી ધીમે ધીમે ઓસરી રહ્યા છે. ત્યારે તેની પાછળ તબાહીના બિહામણા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સરકારી આંકડાઓ અને સ્થાનિક સુત્રો તરફથી મળતી માહિતી અનુસાર પૂરગ્રસ્ત વિસ્તારોમાં થી વધુ ૧૩ લોકોના મૃતદેહો મળી આવ્યા છે. આ નવી કેઝયુઅલ્ટી સામે આવતાની સાથે જ સુરતમાં પૂર ના કારણે સત્તાવાર રીતે મૃત્યુ પામનારાઓનો આંકડો વધીને ૪૧ પર પહોચી ગયો છે. જેને કારણે વહિવટી તંત્ર પણ દોડતુ થયુ છે. શહેરના શ્રમિક અને મધ્યમવર્ગીય વિસ્તારો જેવા કે લીંબાયત, ખરવાસા, સારોલી અને ભેસ્તાનમાં પૂર ના પાણી કમરતોડ ભરાયા હતા. આ વિસ્તારોમાં ઝુંપડપટ્ટી અને ગ્રાઉન્ડ ફલોર પર રહેતા સેંકડો લોકો ફસાયા હતા. પાણી ઓસરતા જ ગલીઓ, કાદવ કીચડ અને વહેતા પ્રવાહની આસપાસથી લાશો મળવાનો સીલસીલો શરૂ થયો છે. અનેક પરીવારોએ પોતાના કમાતા વડીલો અથવા માસુમ બાળકોને ગુમાવ્યા છે. જેના કારણે પ્રભાવિત વિસ્તારોમાં ભારે શોક અને આક્રંદનો માહોલ છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સીવીલ અને સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી રહ્યા છે. જયાં સગા સંબંધીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. આ પૂરે માત્ર માનવ જીંદગીઓ જ નથી છીનવી, પરંતુ સુરતના આર્થિક માળખાને પણ મોટો ફટકો માર્યો છે. સારોલી અને આસપાસના ટેક્ષટાઈલ ગોડાઉનો તેમજ સ્થાનિક દુકાનોમાં પાણી ઘુસી જતા વેપારીઓનુ કરોડો રૂપીયાનુ કાપડ અને અન્ય માલ સામાન સડી ગયો છે. હાલમાં પૂર ગ્રસ્ત વિસ્તારોમાં રોગચાળો ન ફેલાય તે માટે સેનીટેશન અને કિલનિંગ ની કામગીરી યથાવત રાખવામાં આવી છે. આ સાથે જ ફાયર બ્રિગેડ અને આપત્તિ વ્યવસ્થાપનની ટીમો ગુમ



થયેલા અન્ય લોકોની શોધખોળ માટે બોટીંગ અને ડ્રોન સર્વેલન્સ દ્વારા તપાસ ચલાવી રહી છે. દક્ષિણ ગુજરાત અને તેના ઉપરવાસના વિસ્તારોમાં પાછલા થોડા દિવસોથી અવિરત વરસી રહેલા મેઘરાજાના કારણે કુદરતી જળસ્ત્રોતો માં ઘોડાપુર આવ્યા છે. સુરત શહેર અને જિલ્લાની પાણીની તમામ જરૂરીયાતો પુરી કરતી તાપી નદીમાં આ વર્ષના ચોમાસાના સૌથી શ્રેષ્ઠ પાણીની આવક થઈ છે.

## પશ્ચિમ રેલવે દ્વારા ૩ જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તારિત

મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ આસારવા–કાનપુર સેન્ટ્રલ, આસારવા–આગ્રા કેન્ટ અને ગાંધીગ્રામ–પ્રયાગરાજ સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તૃત કરવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છેઃ

- ટ્રેન નં. ૦૪૧૧૨ ગાંધીગ્રામ–પ્રયાગરાજ સ્પેશિયલના ફેરા ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૪૧૧૧ પ્રયાગરાજ–ગાંધીગ્રામ સ્પેશિયલના ફેરા ૨૯ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે.
- ટ્રેન નં. ૦૧૯૦૬ આસારવા–કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલના ફેરા ૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૧૯૦૫ કાનપુર સેન્ટ્રલ–આસારવા સ્પેશિયલના ફેરા ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે.
- ટ્રેન નં. ૦૧૯૦૯ આસારવા–આગ્રા કેન્ટ સ્પેશિયલના ફેરા ૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૧૯૧૦ આગ્રા કેન્ટ–આસારવા સ્પેશિયલના ફેરા ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે.

ટ્રેન નં. ૦૪૧૧૨, ૦૧૯૦૬ અને ૦૧૯૦૯ના વિસ્તૃત ફેરાઓ માટેનું બુકિંગ ૧૨.૦૭.૨૦૨૬થી તમામ પીઆરએસ (PRS) કાઉન્ટરો તથા IRCTC વેબસાઈટ પર શરૂ થશે.

ટ્રેનોના સમય, સ્ટોપેજ તથા રેકની રચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પરથી માહિતી મેળવી શકે છે.

## ભૂસ્ખલનના કારણે રાજકોટ ડિવિઝન સંબંધિત કેટલીક ટ્રેનોના રૂટ ડાયવર્ટ કરાયા

મુસાફરોની સુવિધા માટે જાણ કરવામાં આવે છે કે દક્ષિણ પૂર્વ રેલવેના બિલાસપુર ડિવિઝનમાં ઠાકુરવાડી–મંકી હિલ રેલવે સ્ટેશનો વચ્ચે ભૂસ્ખલનના કારણે રેલ વ્યવહાર પ્રભાવિત થયો છે. જેના પરિણામે પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન સંબંધિત નીચે મુજબની ટ્રેનોના રૂટ બદલવામાં (ડાયવર્ટ) આવ્યા છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડનારી ટ્રેનોની વિગતો આ મુજબ છેઃ

નીચેની ટ્રેનો ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશેઃ

૧) ટ્રેન નંબર ૨૨૭૧૮ સિકંદરાબાદ–રાજકોટ એક્સપ્રેસ, જે ૧૩ જુલાઈ ૨૦૨૬ ના રોજ ઉપડશે, તે દૌંડ–મનમાડ–જલગાંવ–પાલધી–સુરત રૂટ પરથી દોડશે.

૨) ટ્રેન નંબર ૨૨૭૧૮ સિકંદરાબાદ–રાજકોટ એક્સપ્રેસ, જે ૧૪ જુલાઈ ૨૦૨૬ ના રોજ ઉપડશે, તે દૌંડ–મનમાડ–જલગાંવ–પાલધી–સુરત રૂટ પરથી દોડશે.

૩) ટ્રેન નંબર ૨૦૯૬૭ સિકંદરાબાદ–પોરબંદર એક્સપ્રેસ, જે ૧૫ જુલાઈ ૨૦૨૬ ના રોજ ઉપડશે, તે દૌંડ–મનમાડ–જલગાંવ–પાલધી–સુરત રૂટ પરથી દોડશે.

૪) ટ્રેન નંબર ૧૬૬૧૪ કોઈમ્બતુર–રાજકોટ એક્સપ્રેસ, જે ૧૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ ઉપડશે, તે દૌંડ–મનમાડ–જલગાંવ–પાલધી–સુરત રૂટ પરથી દોડશે.

૫) ટ્રેન નંબર ૨૨૭૧૭ રાજકોટ–સિકંદરાબાદ એક્સપ્રેસ, જે ૧૩ જુલાઈ ૨૦૨૬ ના રોજ ઉપડશે, તે સુરત–પાલધી–મનમાડ–દૌંડ–સોલાપુર રૂટ પરથી દોડશે.

૬) ટ્રેન નંબર ૨૨૭૧૭ રાજકોટ–સિકંદરાબાદ એક્સપ્રેસ, જે ૧૫ જુલાઈ ૨૦૨૬ ના રોજ ઉપડશે, તે સુરત–પાલધી–મનમાડ–દૌંડ–સોલા રૂટ પરથી દોડશે.

૭) ટ્રેન નંબર ૨૨૭૧૭ રાજકોટ–સિકંદરાબાદ એક્સપ્રેસ, જે ૧૬ જુલાઈ ૨૦૨૬ ના રોજ ઉપડશે, તે સુરત–પાલધી–મનમાડ–દૌંડ–સોલાપુર રૂટ પરથી દોડશે.

૮) ટ્રેન નંબર ૨૦૯૬૮ પોરબંદર–સિકંદરાબાદ એક્સપ્રેસ, જે ૧૪ જુલાઈ ૨૦૨૬ ના રોજ ઉપડશે, તે સુરત–પાલધી–મનમાડ–દૌંડ–સોલાપુર રૂટ પરથી દોડશે.

૯) ટ્રેન નંબર ૧૬૬૧૩ રાજકોટ–કોઈમ્બતુર એક્સપ્રેસ, જે ૧૨ જુલાઈ ૨૦૨૬ ના રોજ ઉપડશે, તે સુરત–પાલધી–મનમાડ–દૌંડ–સોલાપુર રૂટ પરથી દોડશે.

રેલ પ્રશાસન મુસાફરોને વિનંતી કરે છે કે મુસાફરી શરૂ કરતા પહેલા નેશનલ ટ્રેન ઈક્વાયરી સિસ્ટમ (NTES), રેલવન (RailOne) એપ અથવા રેલવે હેલ્પલાઈન ૧૩૯ ના માધ્યમથી પોતાની ટ્રેનની નવીનતમ સ્થિતિની માહિતી ચોક્કસ મેળવી લે. મુસાફરોને પડેલી અસુવિધા બદલ ખેદ છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# સુરતમાં કુદરતી આફત વચ્ચે મહાનગરપાલિકાની અમાનવીયતા : વેપારીઓ કરગરતા રહ્યા અને કોર્પોરેશન માલ સામાન જપ્ત કરતી રહી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

હાલમાં જ સુરત શહેરમાં પડેલા ભારે વરસાદે સમગ્ર પંથકને ઘમરોળ્યુ છે. જેના કારણે ટેક્ષટાઈલ સીટીના હજારો વેપારીઓને કરોડો રૂપીયાનુ નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.




સુરતના પુણા ગામ વિસ્તારમાં આવેલા લક્ષ્મણનગરમાં સાડી અને ડ્રેસ મટીરીયલની ૩ હજારથી વધુ દુકાનો આવેલી છે. વરસાદી પૂર ના કારણે મોટાભાગની દુકાનોમાં બે થી અઢી ફુટ જેટલા પાણી ભરાઈ ગયા હતા. તહેવારોની સીઝન હોવાથી ભરેલો લાખો રૂપીયાનો નવો માલ પાણીમાં ગરકાવ થઈ ગયો છે. મુશ્કેલીના આ સમયમાં વેપારીઓને સહાય કે સાફ સફાઈની જરૂર હતી. તેના બદલે સુરત મહાનગરપાલિકાની વરાછા ઝોનની ટીમ અચાનક દબાણ હટાવવાની કામગીરી કરવા પહોચી જતા વેપારીઓમાં ભારે આક્રોશ ફાટી નિકળ્યો છે. ૧ હજારનો માલ રૂપીયા ૫૦ અને ૧૦૦ માં વેચવા વેપારીઓ મજબુર, વરસાદે સર્જેલી તારાજી થી લોકોની જીંદગીભરની કમાણી પાણીમાં વહી ગઈ છે. દુકાનોમાં કાદવ કીચડ જમા થઈ ગયુ છે. ત્યારે વેપારીઓ પોતાના ભીના માલને વેચવા માટે રોડ પર પાણીના ભાવે વેચવા કાઢી રહ્યા છે. લક્ષ્મણનગરમાં હેન્ડલુમ અને ડ્રેસ મટીરીયલની ૨ દુકાનો ધરાવતા વિલાસબેન જાની એ રડતી આંખે જણાવ્યુ હતુ કે આગામી તહેવારોની સીઝનને ધ્યાનમાં રાખીને મે વ્યાજે કે ગમે તેમ કરીને રૂપીયા ૩૦ લાખનો માલ દુકાનમાં ભરાવ્યો હતો. પરંતુ મારી જીંદગીની આખી કમાણી વરસાદના પાણીમાં ધોવાઈ ગઈ છે. હવે આ ભીનો માલ અમે રૂપીયા ૧૦, ૨૦ અને રૂપીયા ૫૦ માં વહેંચી રહ્યા છીએ. રૂપીયા ૧ હજારની વસ્તુ અમારે ભારે ખોટ ખાઈને રૂપીયા ૫૦ કે રૂપીયા ૧૦૦ માં વેચવી પડે છે. હજુ તો અમારી દુકાનો સુકાઈ પણ નથી, કોઈ કોર્પોરેટર જોવા આવ્યા નથી. ૩ દિવસથી ફોન કરીએ છતાં એસએમસી કચરો ઉપાડવા પણ ન આવી, ૪-૪ દુકાનો ધરાવતા અને રોડ પર ભીના કપડા વહેંચી રહેલા અન્ય એક વેપારી સંજયભાઈ જીયાણીએ આક્રોશ વ્યકત કરતા કહ્યુ હતુ કે મારી ૪ દુકાનોમાં પાણી ભરાઈ ગયા હતા. રૂપીયા ૨૦ લાખનો માલ ભીનો થઈ ગયો છે. છેલ્લા ૩ દિવસથી અમે એસએમસી ને સતત ફોન કરી રહ્યા છીએ. પણ કચરો કે ગંદકી ઉપાડવા કોઈ ફરકયુ નથી. હજુ સુધી અમારી મુલાકાતે કોઈ સ્થાનિક કોર્પોરેટર પણ નથી આવ્યા, અમારો સામાન અમારે રોડ પર કવડીના ભાવે વેચવો પડે છે.

વેપારીઓએ આરોપ લગાવ્યો છે કે હજુ તેઓ પૂરના ફટકામાંથી બહાર પણ નથી આવ્યા ત્યાં જ પાલિકાના કર્મચારીઓ મદદ કરવાના બદલે રોડ પર સુકવવા મુકેલો માલ, દુકાનના બોર્ડ અને બેનરો જપ્ત કરવા લાગ્યા છે. એક વેપારીએ ગુસ્સા સાથે કહ્યુ હતુ કે મારી દુકાનમાં કમર સુધી પાણી હતા, હું હજુ અંદર સાફ સફાઈ કરૂ છું અને મેં મારૂ બોર્ડ બહાર થાંભલા પર લગાડયુ હતું તે પણ એસએમસીવાળા ઉઠાવી ગયા, લોકો કરગરતા રહ્યા પણ તંત્ર એ કોઈ દયા ન રાખી. કુદરતી આપત્તિના સમયે સુરત મહાનગરપાલિકાનુ આવુ અમાનવીય વલણ જોઈને સ્થાનિકો અને વેપારી આલમમાં પાલિકા વિરૂધ્ધ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# ઉજ્જડ જમીનો બનશે નવસાધ્ય: શ્રી અમિત શાહનાં ગાંધીનગર 'હરિયાળી લોકસભા' પ્રોજેક્ટ હેઠળ મોટાપાયે સ્થાનિક પ્રજાતિનાં વૃક્ષો વવાશે

થોડા દિવસો પહેલા જો તમે બગોદરાથી નળસરોવર તરફ જતા રસ્તા પર આવતા કણોતર ગામનાં ૨૩ હેક્ટર ગૌચર જમીનની બાજુમાંથી પસાર થયા હોત, તો બહુ ઓછા લોકોને ત્યાં ઉભા રહેવાનું મન થયું હોત. કેમ કે ખૂબ જ ક્ષારવાળી અને ગાંડા બાવળોથી ઘેરાયેલી આ જમીન ઉજ્જડ જેવી હતી. જો કે, આજે આ સ્થળેથી પસાર થતા કોઇ રોકાયા વગર રહી શકતું નથી.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહનાં મહત્વાકાંક્ષી 'ગાંધીનગર હરિયાળી લોકસભા' અભિયાનનાં ભાગરૂપે, ગુજરાત વન વિભાગે આ ૨૩ હેક્ટર જમીનની કાયાપલટ કરી નાખી છે.

ગાંડો બાવળ દૂર કરી, પથ્થર જેવી કડક માટીને ઉંડી ખેડી નાખી છે અને ત્યારબાદ ખારાપાટ જેવી જમીનની ફળદ્રુપતા વધારવા માટે તેમાં જિપ્સમ, છાણિયું ખાતર, જરૂરી પોષકતત્વો અને ખાતર નાખી જમીન સુધારણાનું કામ હાથ ધર્યુ છે. અને હવે, નવસાધ્ય થયેલી જમીનમાં ૨.૩૦ લાખ વૃક્ષો વાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ વૃક્ષોમાં મુખ્યત્વે સ્થાનિક પ્રજાતિનું વાવેતર કરવામાં આવશે.

ગૌચરની આ ૨૩ હેક્ટર જમીનને ચારે તરફથી ફેન્સિંગ કરી તેને સુરક્ષિત કરવામાં આવી છે. વૃક્ષોને પાણી પૂરું પાડવા માટે પાણીનો એક બોર બનાવ્યો છે. આ બોર સોલર પાવરથી ચાલશે.

આ દ્રશ્ય માત્ર કાણોતર ગામ પૂરતું નથી, પરંતુ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહના ગાંધીનગર લોકસભા મત વિસ્તાર હેઠળ આવતા અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાનાં ૮૨ સ્થળોએ આ પ્રકારની કામગીરી યુદ્ધનાં ધોરણે ચાલી રહી છે. સાવ ઉજ્જડ અને ખારાપાટ જેવી જમીનને નવસાધ્ય કરી સ્થાનિક પ્રજાતિઓનાં વૃક્ષોનું વાવેતર કરી નવી ઈકોસિસ્ટમ ઉભી કરવામાં આવી રહી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહના 'ગાંધીનગર હરિયાળી લોકસભા પ્રોજેક્ટ' હેઠળ ચાલુ વર્ષે સવા કરોડ (૧.૨૫ કરોડ) રોપા વાવવાનો લક્ષ્યાંક છે. આ સવા કરોડનાં લક્ષ્યાંકમાં વન વિભાગ દ્વારા અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ૮૨ સ્થળોએ ૫૪૦.૯૨ હેક્ટર વિસ્તારમાં ૬૦ લાખ રોપા વવાશે.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે એક વિશાળ વૃક્ષારોપણ ઝુંબેશ દ્વારા તેમના ગાંધીનગર લોકસભા મતવિસ્તારને દેશનો સૌથી હરિયાળો મતવિસ્તાર બનાવવાનો સંકલ્પ કર્યો છે. જળવાયુ પરિવર્તન સામે લડવાનાં અભિયાનના ભાગરૂપે, આ વર્ષે સમગ્ર ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં સવા કરોડ રોપા વવાશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં 'એક પેડ મા કે નામ' અભિયાન હાથ ધરાયું છે અને લોકભાગીદારી થકી દેશને હરિયાળો બનાવવાનો મહાયજ્ઞ ચાલી રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી શરૂ થયેલું આ અભિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાં માર્ગદર્શનમાં સમગ્ર ગુજરાતમાં વિસ્તરી રહ્યું છે.

★આ અભિયાનમાં સ્થાનિક પ્રજાતિઓની વનસ્પતિ પર વધુ ભાર

ગાંધીનગર હરિયાળી લોકસભા પ્રોજેકટમાં સ્થાનિક અને લુપ્ત થતી વનસ્પતિઓ પર ભાર મુકવામાં આવ્યો છે. ગુજરાતનાં વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ વિનોદ રાવે જણાવ્યું કે, "આ અભિયાન હેઠળ ઝડપથી ઉગતા વૃક્ષોની જગ્યાએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્થિતિને અનુરૂપ વૃક્ષોની પસંદગી કરી છે. વન વિભાગ દ્વારા કુલ ૧૨૧ વનસ્પતિની પ્રજાતિઓ વાવવામાં આવશે તેમાં ૮૦ જટેલી પ્રજાતિઓ સ્થાનિક હશે. એટલુ જ નહીં, ૬.૦૫ લાખથી વધુ રોપાઓમાં ૨૪ પ્રકારની પ્રજાતિઓ દુર્લભ, વિલુપ્ત અને ભયગ્રસ્ત થતી પ્રજાતિની છે."

સ્થાનિક પ્રજાતિનાં વનસ્પતિઓમાં કુમકુમ (Mallotus sp.), શીમળો, કંપીલો, કીલાઇ, ચમુલી, જંગલી સરગવો, સફેદ સિરીશ, જંગલી જામફળ, કાંચનાર, પીળો કેસૂડો, અરીઠા, સફેદ સાગ, અને સફેદ ગંભાર વગેરેનો સમાવેશ થાય છે.

"સ્થાનિક પ્રજાતિનાં વૃક્ષો વાવવાથી પંખીઓ, પતંગિયા, આ પ્રજાતિનાં વૃક્ષો પર નિર્ભર જીવજંતુઓ આવશે અને એક ધબકતુ નિવસનસંત્ર ઉભુ થશે. દેશી વૃક્ષો સ્થાનિક પક્ષીઓ, સરીસૃપો, પતંગિયાઓ, મધમાખીઓ અને અન્ય પોલીનેટરોને ખોરાક, આશરો અને પ્રજનન માટેની જગ્યા પૂરી પાડે છે," વન અને પર્યાવરણનાં અગ્ર સચિવ વિનોદ રાવે વધુમાં જણાવ્યું હતુ.

"સ્થાનિક વનસ્પતિનાં ફૂલો, ફળો અને પાંદડા આખા વર્ષ દરમિયાન પક્ષીઓ અને અન્ય જીવજંતુઓને પોષણ આપે છે, જ્યારે ગાઢ વનસ્પતિ નાના પ્રાણીઓ માટે સુરક્ષિત રસ્તાઓ બનાવે છે. નવસાધ્ય જમીન, ભેજ જાળવી રાખવાની ક્ષમતા અને જૈવવિવિધતા આ રહેઠાણોને વધુ મજબૂત બનાવે છે, જેથી તેઓ આબોહવા પરિવર્તન સામે વધુ ટકી શકે." વિનોદ રાવે વધુમાં ઉમેર્યુ હતું.

જેમ-જેમ આ વૃક્ષો મોટા થશે, તેમ-તેમ તેઓ સ્થાનિક કક્ષાએ સંતુલન પુનર્જીવિત કરશે, પરાગનયન વધારશે અને એક સમૃદ્ધ તેમજ સ્વનિર્ભર ઈકોસિસ્ટમ બનાવશે.

# સાબરકાંઠા બાદ હવે વડનગરમાં ફેલાયો જીવલેણ વાયરસ : ૩ શંકાસ્પદ પોઝેટીવ કેસ નોંધાતા તંત્ર એલર્ટ: ત્રણેય બાળકો હોસ્પિટલમાં દાખલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં ચોમાસાની ઋતુ ની સાથે જ રોગચાળાએ માથુ ઉચકયું છે. જેમાં ખાસ કરીને ચાંદીપુરા વાયરસના કેસો સામે આવતા આરોગ્ય વિભાગ એકશન મોડમાં આવી ગયુ છે. તાજેતરમાં પંચમહાલ, સાબરકાંઠા બાદ મહેસાણા જિલ્લાના વડનગરની જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસના ૩ શંકાસ્પદ કેસો બહાર આવ્યા છે.



જેમાંથી ૧ બાળકનો રીપોર્ટ પોઝેટીવ આવતા સમગ્ર જિલ્લાના વહિવટી તંત્રમાં ભારે દોડધામ મચી જવા પામી છે અને તંત્રને હાઈ એલર્ટ પર મુકવામાં આવ્યુ છે. મળતી માહિતી મુજબ વડનગર સીવીલ હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા ૩ બાળકોમાંથી જે બાળકનો રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે તે વિસનગર તાલુકાનો રહેવાસી છે, જયારે અન્ય બે શંકાસ્પદ કેસ સાબરકાંઠા જિલ્લાના હોવાનુ બહાર આવ્યુ છે. હોસ્પિટલમાં દાખલ કરાયેલા બાળકોમાં બે બાળકો ૧૦ વરસના છે અને એક ૩ વરસની માસુમ બાળકી સામેલ છે. પોઝેટીવ રીપોર્ટ ધરાવતા બાળકને હાલ હોસ્પિટલના પીઆઈસીયુ (પીડીયાટ્રીક ઈન્ટેન્સિવ કેર યુનિટ) માં સઘન સારવાર હેઠળ રાખવામાં આવ્યુ છે. રાહતના સમાચાર એ છે કે સારવાર બાદ બાળકની સ્થિતિમાં સુધારો જોવા મળી રહ્યો છે. અન્ય ૨ શંકાસ્પદ દર્દીઓના સેમ્પલ લઈને કન્ફર્મેશન રીપોર્ટ માટે જીબીઆરસી (ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટર) ગાંધીનગર ખાતે મોકલી આપવામાં આવ્યા છે. ડોકટરોના જણાવ્યા અનુસાર ચાંદીપુરા વાયરસ મુખ્યત્વે ગ્રામિણ વિસ્તારોમાં જોવા મળતી જીણી માખી (સેન્ડફલાય) કરડવાથી ફેલાય છે. આ માખીઓ ખાસ કરીને લીપણવાળા કાચા ઘરોની તિરાડોમાં અને ભેજવાળી જગ્યાઓ પર વધુ જોવા મળે છે. આ વાયરસ સીધો બાળકોના સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ (મગજ) પર હુમલો કરે છે. તેથી તે વધુ જોખમી સાબિત થઈ શકે છે. આ વાયરસ મોટે ભાગે ૧૪ વરસથી ઓછી ઉંમરના બાળકોને ઝડપથી પોતાનો શિકાર બનાવે છે. જો બાળકોમાં કેટલાક લક્ષણો જોવા મળે તો અવગણવા નહી, જેવા કે તીવ્ર તાવ આવવો, અચાનક ખેંચ (આંચકી)આવવી, સતત ઉલ્ટીઓ થવી, અતિશય માથુ દુઃખવુ કે બાળક સુસ્ત થઈ જવુ, આવા કોઈપણ લક્ષણો જણાય તો તુરંત જ નજીકની સરકારી કે ખાનગી હોસ્પિટલમાં ડોકટરનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે. કારણ કે આમા વહેલી સારવાર જ બચાવનો શ્રેષ્ઠ ઉપાય છે.

# ૧૦ વરસ પહેલા ઉનાકાંડ બાદ મૃત પશુઓનુ કામ છોડી પશુપાલન શરૂ કરનાર પીડીત દલીત પરીવાર તેમની ૨ ગાયનો સિંહે શિકાર કરતા આર્થિક સંકટમાં ઘેરાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

## ૧૮ સભ્યોના પરીવારની આવક ઘટી : પુનર્વસનના વચનો હજુ અધુરા હોવાનો આક્ષેપ : ઉનાકાંડ ના પીડીતો કહે છે ૧૦ વરસ બાદ પણ સંપૂર્ણ ન્યાય મળ્યો નથી



ગુજરાતના ઉનાકાંડ ને બરાબર એક દાયકો પૂર્ણ થયો છે અને તે ઘટનાના પીડીતોના જીવનમાં ફરી મુશ્કેલીઓ ઉભી થઈ છે. વર્ષ ૨૦૧૬ માં સિંહે મારી નાંખેલી ગાયની લાશ નો નિકાલ કરી રહેલા પાંચ દલીત યુવકો પર હુમલો થયો હતો. ત્યારબાદ તેમણે તે પરંપરાગત કામ છોડી દીધુ હતું. રાજકીય પક્ષોની મદદથી ૪ ગાયો ખરીદી પશુપાલન અને ખેતી શરૂ કરીને પરીવારનુ ગુજરાન ચલાવતા હતા. પરંતુ ગયા મહિને સિંહોના હુમલામાં તેમાંથી ૨ ગાયોના મોત થતા ફરી તેઓ આર્થિક સંકટમાં મુકાયા છે. પીડીત વશરામ સરવૈયાએ જણાવ્યુ હતુ કે તે ઘટના પછી અમે કયારેય મૃત પશુઓની ચામડી ઉતારી નથી. હવે ખેતી અને પશુપાલની જીવન ચલાવીએ છીએ, પરંતુ સિંહના હુમલામાં ૨ ગાયો ગુમાવતા ફરી મુશ્કેલીમાં આવી ગયા છીએ. અમારા ૧૮ સભ્યોના પરીવારમાં ગાયોના મોત થી આવક અડધી થઈ ગઈ છે. તેમણે વધુમાં જણાવ્યુ કે ગામમાં સિંહોની અવર જવર સામાન્ય બાબત છે. ઘટનાના દિવસે એક સિંહ તેમના ઘરની બહાર આવેલી ગમાણમાં ઘુસ્યો હતો અને ૨ ગાયોની મારી નાખી હતી. ત્યારબાદ પરીવારે નિયમ મુજબ ગામના સરપંચને જાણ કરી હતી. ૧૧ જુલાઈ ૨૦૧૬ ના રોજ ગીર સોમનાથ જિલ્લાના મોટા સમઢીયાળા ગામ નજીક ૫ દલીત યુવકોને વાહન સાથે બાંધીને કહેવાતા ગૌરક્ષકો દ્વારા જાહેરમાં ફટકા મારવામાં આવ્યા હતા. આ ઘટનાનો વિડીયો વાયરલ થતા સમગ્ર દેશમાં ભારે આક્રોશ ફેલાયો હતો. ગુજરાતમાં વ્યાપક વિરોધ પ્રદર્શન થયા હતા અને જાતિ આધારીત હિંસા તથા ગૌરક્ષાના નામે થતી હિંસા અંગે રાષ્ટ્રીય સ્તરે ચર્ચા શરૂ થઈ હતી.

પીડીતોએ જણાવ્યુ હતુ કે આ હુમલા બાદ તેમને પેઢીઓથી ચાલતો વ્યવસાય છોડી દેવો પડયો, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને બસપાના પ્રમુખ માયાવતી તરફથી મળેલી આર્થિક મદદથી તેમને ૪ ગાયો ખરીદી અને ડેરી વ્યવસાય શરૂ કર્યો હતો. પીડીતોના જણાવ્યા મુજબ ૧૦ વરસ પછી પણ હુમલાની અસર તેમના રોજીંદા જીવનમાં દેખાય છે. વશરામે જણાવ્યુ કે હુમલાના કારણે તેમના ભાઈઓના માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી છે. તેઓ માનસિક આઘાત માટે સારવાર લઈ રહ્યા છે અને સ્વતંત્ર રીતે જીવન જીવી શકતા નથી. અન્ય ભાઈઓ પણ શારીરિક અને માનસિક ઘા સાથે આજે પણ સંઘર્ષ કરી રહ્યા છે. પરીવારોએ એવો પણ આક્ષેપ કર્યો કે ઘટના બાદ સરકાર દ્વારા અપાયેલા પુનર્વસન ના મોટાભાગના વચનો માત્ર કાગળ પર જ રહ્યા. અન્ય પીડીત બાલુ સરવૈયાએ જણાવ્યુ હતુ કે અમને હજુ સંપૂર્ણ ન્યાય મળ્યો નથી. સરકાર દ્વારા જરૂરી સહાય અમને મળી નથી, ૧૦ વરસ બાદ પણ અમે સામાન્ય જીવન જીવવા માટે સંઘર્ષ કરી રહ્યા છીએ. વશરામે વધુમાં જણાવ્યુ કે તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગામની મુલાકાત દરમિયાન પાંચ એકર ખેતીની જમીન, રહેણાંક પ્લોટ અને સરકારી નોકરી આપવાની જાહેરાત કરી હતી. જો કે વર્ષ ૨૦૧૮ માં ગુજરાત સરકારે વિધાનસભામાં જણાવ્યુ હતુ કે આ જાહેરાતનો કોઈ લેખિત રેકોર્ડ ઉપલબ્ધ નથી. તેથી તેના અમલ માટે કોઈ સત્તાવાર દરખાસ્ત પણ તૈયાર થઈ ન હતી. પીડીતોએ વધુમાં આક્ષેપ કર્યો કે ઘટના બાદ એક રાજકીય નેતાએ આપેલો ચેક પણ બાદમાં રીટર્ન થયો હતો.

### ખાણીપીણીની વસ્તુઓની ગુણવત્તા સામે ફરી સવાલો ઉઠ્યા

# ઘોડાસરની મુરલીધર રેસ્ટોરન્ટની ભાજીપાંવમાંથી નીકળી જીવાત

## આ અંગે ગ્રાહકે રેસ્ટોરન્ટ સંચાલકોને જાણ કરી હતી અને બાદમાં સ્થળ પર હોબાળો પણ થયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં ખાણીપીણીની વસ્તુઓની ગુણવત્તા અને સ્વચ્છતા અંગે ફરી એકવાર સવાલો ઊભા થયા છે. શહેરના ઘોડાસર વિસ્તારમાં આવેલી મુરલીધર રેસ્ટોરન્ટમાં ભાજીપાંવમાંથી જીવાત નીકળ્યાનો આક્ષેપ એક ગ્રાહકે કર્યો છે. ગ્રાહક દ્વારા બનાવવામાં આવેલો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો છે.

ગ્રાહક રેસ્ટોરન્ટમાં ભાજીપાંવ ખાઈ રહ્યો હતો ત્યારે તેમાં જીવાત જોવા મળી હતી. આ અંગે ગ્રાહકે રેસ્ટોરન્ટ સંચાલકોને જાણ કરી હતી અને બાદમાં સ્થળ પર હોબાળો પણ થયો હતો. ગ્રાહકનો આક્ષેપ છે કે આ બાબતે દુકાનદાર દ્વારા યોગ્ય જવાબ આપવામાં આવ્યો નહોતો અને ઉદ્ધત વર્તન કરવામાં આવ્યું હતું. વીડિયો વાયરલ થયા બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ના ફૂડ વિભાગની ટીમ સક્રિય થઈ હતી અને રેસ્ટોરન્ટની તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન સ્વચ્છતાના નિયમોમાં ખામીઓ મળી આવતા રેસ્ટોરન્ટ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. AMC ફૂડ વિભાગ દ્વારા રેસ્ટોરન્ટને ૨૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. અધિકારીઓએ ખાણીપીણીના વ્યવસાયિકોને સ્વચ્છતા જાળવવા અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત ખોરાક ઉપલબ્ધ કરાવવા સૂચના આપી છે. શહેરમાં અગાઉ પણ વિવિધ હોટલ અને રેસ્ટોરન્ટમાંથી ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અંગે ફરિયાદો સામે આવી ચૂકી છે.

આ ઘટનાએ ફરી એકવાર રેસ્ટોરન્ટ અને ખાણીપીણીના સ્થળોએ સ્વચ્છતા તથા ફૂડ સેફ્ટીના નિયમોના પાલન અંગે ચર્ચા શરૂ કરી છે. ગ્રાહકો પણ ખોરાકની ગુણવત્તા અંગે વધુ સાવચેત બન્યા છે અને તંત્ર દ્વારા આવી ઘટનાઓ સામે કડક કાર્યવાહી કરવાની માગ ઉઠી રહી છે.

# મેઘાણીનગરમાં ધોરણ ૧૨ની સગીરાએ આપઘાત કર્યો: પિતાનો ઠપકો અને પારિવારિક તણાવ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા મેઘાણીનગર પંથકમાંથી એક અત્યંત ચોંકાવનારી અને કાળજું કંપાવી દે તેવી ઘટના પ્રકાશમાં આવી છે. મળતી માહિતી મુજબ, મેઘાણીનગર વિસ્તારમાં રહેતી અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતી એક ૧૭ વર્ષીય સગીરાએ પોતાના જ ઘરે અગમ્ય કારણોસર આપઘાત કરી લીધો છે. માસૂમ દીકરીએ અચાનક આ પ્રકારનું અંતિમ પગલું ભરી લેતા આસપાસના રહીશો અને સ્થાનિકોમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે અને સમગ્ર પંથક શોકમાં ડૂબી ગયો છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં આપઘાત કરનાર માસૂમ સગીરાની ઓળખ હિરલ પરમાર તરીકે થઈ છે. ઘટનાની વિગતવાર માહિતી અનુસાર, હિરલના પિતાએ કોઈ સામાન્ય બાબતે તેને કડક શબ્દોમાં ઠપકો આપ્યો હતો. પિતા દ્વારા આપવામાં આવેલો આ ઠપકો હિરલને મનમાં ખૂબ જ લાગી આવ્યો હતો. આ સિવાય પરિવારમાં છેલ્લા કેટલાક સમયથી આંતરિક ઘરકંકાસ પણ ચાલતો હોવાનું સામે આવ્યું છે. આ પારિવારિક માનસિક તણાવ અને પિતાના ઠપકાના આઘાતમાં સગીરાએ જીવન ટૂંકાવવાનું આત્મઘાતી પગલું ભર્યું હતું.

# સુરતમાં ખાડીપૂરની સમસ્યાનો આવશે કાયમી ઉકેલ: સોમવારે ચાલશે ગેરકાયદેસર બાંધકામો પર દાદાનુ બુલડોઝર

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરત શહેરમાં ભારે વરસાદે દરેક વિસ્તારોનો રહાતાળ વાળ્યો છે એનુ કારણ ખાડીઓ છે. શહેરમાં વરસોથી માથાના દુઃખાવો બનેલી ખાડી પૂર ની સમસ્યાના કાયમી ઉકેલ માટે હવે વહિવટી તંત્ર આક્રમક મુડમાં આવી ગયુ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય બાદ સુરત મહાનગરપાલિકા (એસએમસી) દ્વારા ખાડીના પટમાં આવેલા તમામ ગેરકાયદેસર બાંધકામોને દુર કરવા માટેની મેગા ડીમોલેશન ડ્રાઈવની જાહેરાત કરવામાં આવી છે.




મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નિવાસસ્થાને મળેલી આ મહત્વપૂર્ણ બેઠકમાં સુરતના મેયર, સ્થાનિક ધારાસભ્યો, કલેકટર અને એસએમસીના ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યુ હતુ કે સુરતના નિચાણવાળા વિસ્તારોમાં પૂર ની સ્થિતિ સર્જવા માટે ખાડી પરના દબાણો મુખ્ય જવાબદાર છે. સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલા તાજેતરના સર્વેમાં ખાડીના વિસ્તારમાં મોટાપાયે ગેરકાયદેસર દબાણો હોવાનુ બહાર આવ્યુ છે. આ દબાણોને કારણે ખાડીનો કુદરતી પ્રવાહ અવરોધાય છે. પરીણામે જયારે પણ ભારે વરસાદ પડે છે ત્યારે પાણીનો નિકાલ યોગ્ય રીતે ન થતા પાણી આસપાસના રહેણાંક વિસ્તારોમાં ઘુસી જાય છે અને પૂર જેવી ગંભીર સ્થિતિ સર્જાય છે. આ સમસ્યાને પહોચી વળવા માટે સ્ટેન્ડીગ કમિટીના ચેરમેન રાજન પટેલે અધિકારીઓને કડક સુચના આપી કહેવામાં આવ્યુ હતુ કે દબાણ હટાવવાની કામગીરીમાં કોઈપણ પ્રકારની ઢીલાશ કે પક્ષપાત સહન કરવામાં આવશે નહી. તમામ નડતરરૂપ બાંધકામોને ત્વરીત અસરથી દુર કરવા આદેશ અપાયા છે. આ સંદર્ભે એસએમસી કમિશ્નર એમ નાગરાજને જણાવ્યુ હતુ કે માત્ર દબાણ હટાવવા પુરતુ નથી, પરંતુ ખાડીઓના વિકાસ અને વ્યવસ્થાપન માટે રાજય સરકારની ગાઈડ લાઈન મુજબ એક લાંબા ગાળાના આયોજનબધ્ધ પ્લાન પર કામ કરવામાં આવશે. વહિવટી તંત્રના આ નિર્ણયને આવકારી રહ્યા છે. જો આ ડીમોલેશન ડ્રાઈવ સફળતાપૂર્વક પૂર્ણ થશે તો વરસોથી દર ચોમાસે પૂર ના ભય અને પાણી ભરાવવાની સમસ્યાથી પીડાતા લાખો સુરતીઓને મોટી રાહત મળશે. આગામી સોમવારથી શરૂ થનારી આ કાર્યવાહી સુરત શહેરને પૂર મુકત બનાવવા તરફનુ એક મોટુ અને નિર્ણાયક પગલુ માનવામાં આવી રહ્યુ છે.

# સુરતમાં શાકભાજીના ભાવ આસમાને પહોચ્યા: ખેતરો બેટમાં ફેરવાયા, પાકને વ્યાપક નુકસાન

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં મેઘરાજા ધમાકેદાર બેટિંગ કરી રહ્યા છે. સુરત, દક્ષિણ ગુજરાત અને પડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં પડેલા ભારેથી અતિભારે વરસાદના કારણે હવે સામાન્ય જનતા પર મોંઘવારીનો બેવડો માર પડ્યો છે. સતત વરસી રહેલા આભના આફતરૂપી પાણીના કારણે શાકભાજીના ભાવમાં તોતિંગ વધારો ઝીંકાયો છે, જેના લીધે બજારોમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચી ગયા છે.ભારે વરસાદના કારણે ખેતરોમાં પાણી ભરાઈ ગયા છે, જેને લીધે શાકભાજીના પાકને મોટું નુકસાન પહોંચ્યું છે. માર્કેટના સૂત્રોના જણાવ્યાનુસાર, કોબીજ, ફ્લાવર, ટામેટા, રીંગણ, તુવેર સિંગ, ગુવાર અને આદુ જેવા રોજીંદા વપરાશના શાકભાજીનો પાક ખેતરોમાં જ સડી રહ્યો છે. પાક નિષ્ફળ જતાં બજારમાં માલની અછત ઊભી થઈ છે.બીજી તરફ, ભારે વરસાદને કારણે હાઈવે અને મુખ્ય રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા છે. જેના લીધે છેલ્લા ૨થી ૩ દિવસથી વાહનવ્યવહાર (ટ્રાન્સપોર્ટેશન) સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. બહારથી આવતી શાકભાજીની ટ્રકો સમયસર માર્કેટમાં પહોંચી શકી નથી, પરિણામે હોલસેલ અને રિટેલ બજારોમાં શાકભાજીની આવક અડધી થઈ ગઈ છે. સપ્લાય ઘટતાની સાથે જ ભાવો બમણા થઈ ગયા છે.શાકભાજીના ભાવમાં થયેલા આ અચાનક વધારાની સૌથી માઠી અસર સામાન્ય ગૃહિણીઓ, મધ્યમ વર્ગ અને ગરીબ પરિવારોના ઘરના બજેટ પર પડી છે. રસોડાનો સ્વાદ મોંઘો થતાં લોકો હવે મર્યાદિત માત્રામાં શાકભાજી ખરીદવા મજબૂર બન્યા છે.બજારના વેપારીઓનું માનવું છે કે, જો હજુ પણ વરસાદનું જોર આવું જ ચાલુ રહેશે તો પરિસ્થિતિ વધુ વણસી શકે છે.

પશ્ચિમ રેલ્વે
ટેલિકોમ સુવિધાની જોગવાઈ
સિનિયર ડિવિઝનલ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (Co.), બીજો માળ, ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-4 00 008, આમંત્રિત કરે છે. ઈ-ટેન્ડર નંબર: WR-MMCTSnT-STTD-37-2025R2, તા. 03.07.2026. કામનું નામ: ORH અને મુંબઈ ડિવિઝનના બધવાર પાર્ક, GLO બિલ્ડીંગ અને સ્ટેશન બિલ્ડીંગ ચર્ચગેટ ખાતેની ઓફિસોના સંબંધમાં ટેલિકોમ સુવિધાની જોગવાઈ. કામની કિંમત: ₹ 3,68,40,124.46/-. બિડ સિક્યોરિટી: ₹ 7,36,800/-. સબમિશન માટે તારીખ અને સમય અને તા. 24.07.2026 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય તા.24.07.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0350
અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલ્વે
વિવિધ કાર્ય
ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ 400 008. ઇ-ટેન્ડર સૂચના નં.: BCT/26-27/90, તા. 08.07.2026. કાર્ય અને સ્થાન: નારદાણા, પાલધી ખાતે ઉચ્ચ-સ્તરીય પેસેન્જર પ્લેટફોર્મનું વિસ્તરણ અને ક્ષતિગ્રસ્ત PF સપાટી સુધી સુધારણા, કવરશેડ માટે ડાઉનટેક પાઇપ અને પશ્ચિમ રેલ્વેના ઉકાઇસોનગઢ - જલગાંવ વચ્ચેના SSE/W/અમલનેરના અધિકારક્ષેત્રમાં હાલના બેઠકને તોડી પાડવા. કાર્યની અંદાજિત કિંમત: ₹5,70,92,610.40/- EMD: ₹11,41,900/-. સબમિટ કરવાની તારીખ અને સમય: તા.31.07.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.31.07.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0349
અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલ્વે
બાંધકામ કાર્ય
ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ) II, પશ્ચિમ રેલ્વે, રતલામ (MP) ઇ-ટેન્ડર સૂચના નંબર: RTM-DYCE-C-II-ROB-10 ને આમંત્રણ આપે છે. કાર્યનું નામ: તેના બદલે 2 લેન રોડ ઓવર બ્રિજનું બાંધકામ (a) ચંદેરિયા-રતલામ સેક્શન વચ્ચે કિમી: 241/37-39 પર નિમાચ સ્ટેશન યાર્ડ ખાતે L-xing નં. 120, (b) નિમાચ-હારલિયાખા સ્ટેશનો વચ્ચે 247/03-05 કિમી પર ચંદેરિયા-રતલામ સેક્શન વચ્ચે Lxing નં. 125, (c) દલૌડા સ્ટેશન યાર્ડ પર Lxing નં. 157, ચંદેરિયા-રતલામ સેક્શન વચ્ચે 304/31-33, (d) ધોસવાસ-રતલામ સ્ટેશનો વચ્ચે 192, ચંદેરિયા-રતલામ સેક્શન વચ્ચે 372/37-39 કિમી પર અને (e) પશ્ચિમ રેલ્વે પર ના રતલામ-ઈન્દોર સેક્શન વચ્ચે L-xing નં. 210-Xat બર્નાગર સ્ટેશન યાર્ડ પર કિમી : 421/06-07.NIT કિંમત ₹ 71,97,22,236.01/-બિડ સુરક્ષા: ₹ 1,43,94,500/-. બિડ સબમિશન બંધ થવાની તા. 03.08.2026 ના રોજ 15:00 કલાક સુધી. બિડ ખોલવાની તા.: 03.08.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0352
અમને લાઇક કરો: facebook.com/WesternRly

### આજદિન સુધી ખાડીપૂરનો ભોગ બનતી રહેલી પ્રજા માટે લડત આપતી

# શહેરની જાણીતી સેવા સંસ્થા વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્રે જનહિતમાં કરેલી છે ગુજરાત હાઈકોર્ટમાં PIL

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સને ૨૦૦૬માં તત્કાલિન પાણી પુરવઠા મંત્રી નરોત્તમ પટેલના અપાયેલા સૂચના ના પગલે શરૂ થયેલી ખાડી પૂરની આફત આજદિન સુધી લગાતાર ચાલુ રહી છે. આમ છતાં આ પ્રજા અત્યારે તો શાસકો પર ફિટકાર અને કાગારોળ મચાવતી હોય છે. પરંતુ ચૂંટણીમાં તો પ્રજા ખોબલે ખોબલે મત તો ભાજપ ને આપતી હોવાથી શાસકો નઘરોળ અને બેજવાબદાર બની જતાં ખાડીપૂરની સમસ્યા યથાવત રહી છે. જે સમસ્યાને ધ્યાનમાં લઈને શહેરીજનો ના હિતમાં લડત આપતી સામાજિક સેવા સંસ્થા વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્રના દક્ષિણ ગુજરાતના પ્રમુખ છગનલાલ ડી. મેવાડાએ સને ૨૦૧૬માં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જનહિત માટે એક PIL દાખલ કરેલી જેને આજે દસ વરસના વહાણા વાયા છતાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં એ બાબતે અધિકારીઓએ ખુલાસાવાર જવાબ પાઠવ્યો નહીં હોવાથી નામદાર અદાલતમાં એ અપીલ આજે પણ પેન્ડિંગ છે.

આ જાહેર હિતની અરજી કરવા પાછળનું મુખ્ય કારણ ઉકાઈ ડેમનું પાણી સણીયા હેમાદ થી કુંભારિયા, સારોલી, ડુંભાલ વિગેરેમાંથી પસાર થતી ખાડીઓમા આવતું હોય છે. ત્યારે એ ખાડીઓ ઉપર બંધાયેલી ગેરકાયદે માર્કેટો અને રેસિડેન્ટો ને દૂર કરવાની જવાબદારી જે તે ગામની ગ્રામપંચાયત અને સુડાની હોય છે ત્યારે અહી કુંભારિયા-સારોલી ગ્રામપંચાયત અને સુડા હસ્તક આવતી ખાડીઓમા શ્યામ સંગિની ટેક્ષટાઈલ માર્કેટ, સારથી રેસિડેન્ટ કુંભારિયાની ખાડી ઉપર બનેલ છે. જે દસ્તાવેજમાં દર્શાવેલ જગ્યા કરતાં અનઅધિકૃત રીતે ખાડી પુરાણ કરી કાંકરાપારથી આવતી સણીયાગામ અને કુંભારિયાના વળાંક ઉપર આવતી સારથી થી શરૂ થતું દબાણ જે મીઠી ખાડી અને કોયલી ખાડીની બંને બાજુ ઉપર દબાણો કરી ગેરકાયદેસર રીતે બિલ્ડરોએ અને અન્યો ધ્વારા દુકાનો, મકાનો, ગેરકાયદેસર રીતે પુરાણ કરી બાંધકામ કરવાથી લેન્ડ માર્કેટના સામેની સાઈડમાં મગોબની સરકારી જગ્યા પૂર્વ સાંસદ સભ્ય પૂર્વ ધારાસભ્ય અમરસિંહ ઝીણા ને સરકારે ફાળવેલી જગ્યા રાજકીય વગનો ઉપયોગ કરી SC/ST અને સિધ્ધાર્થ ગેસ એજન્સી ચલાવવા જગ્યા ફાળવેલ. આજીવિકા ચલાવવા માટે માંગણી કરેલી આદિવાસીમાંથી આવતા પરંતુ જગ્યા ફાળવેલી તે સરકાર ધ્વારા ફાળવેલી જગ્યા કરતાં ચાર ગણી જગ્યા ખાડી પુરાણ કરી તેના ઉપર સમિતિનો પેટ્રોલ પંપ ઊભો કરી વેચી મારી છે. અને અંબર હાઉસ તરીકે ઓળખાય છે. તે જોતાં કોયલીખાડી પરના દબાણથી તેઓના કારણે અન્ય પ્રજાને ભોગવવું પડે છે.બે દાયકા થયા. સૌ પ્રથમ જવાબદાર કલેક્ટરની જવાબદારી આવે છે. પૂર્વ ફરજ બજાવી ગયેલા કલેક્ટરથી માંડી આજદિન સુધીના કલેક્ટરની જવાબદારીમાં આવે છે. જો ખાડીનું નિરીક્ષણ કર્યું હોત તો (કાંકરાપાર ખાડી) આજે આ સ્થિતિ ના સર્જાત. સુરત શહેરમાં સમાવેશ થતાં શહેરની હદ વધતાં જેમાં સમાવેશ થયેલા ગામોના વિકાસની જવાબદારી સુરત મ.ન.પા.ની હોય છે. જેના કમિશનર અને તાબા હેઠળના અધિકારીઓ (જે તે ઝોનના) એમાય ખાસ કરીને લિંબાયત ઝોનના અધિકારીઓની જવાબદારીની તકેદારી અમલ ના કરવાથી ભ્રષ્ટ અધિકારીઓના કારણે લાંચિયા અધિકારી ઝોનલ ચીફ અધિકારી વિપુલ ગણેશવાલા બિલ્ડરોના ખોળે બેસનાર જેને સસ્પેન્ડ કરવામાં આવેલા માટે વર્તમાન અધિકારીઓ તકેદારી નહીં રાખવાથી ૪૫ થી વધુ લોકોની જાનહાનિ થવા પામી છે. નાના-મોટા વેપારીઓનું લાખો-કરોડોનું નુકશાન થયું છે. જે આ અધિકારીઓની બેદરકારીના કારણે થયેલ છે. અને સ્થાનિક કોર્પોરેટરોને બધી જાણકારી હોવા છતાં ક્યાં-ક્યાં કોણે કેટલું દબાણ કર્યું છે તે ખબર હોવા છતાં ભ્રષ્ટાચાર આચરેલો. જેના કારણે નુકશાન થયેલ છે. અને નિર્દોષ જનતાને ભોગવવાનો વારો આવ્યો છે. જનતા જાગૃત થાય અને સ્થાનિક કોર્પોરેટરો ખાલી ખાલી ફોટોસેશન માટે રિલ માટે સસ્તી પ્રસિધ્ધિ મેળવવા આવતા હોય છે. ત્યાં માતા, બહેનો, ભાઈઓ, યુવાનોએ એમને જાકારો આપવો જોઈએ. કારણકે ખરી તકલીફના ટાઈમે જો પોતાના હાથ ભ્રષ્ટાચારથી જ્યારે ખરડાયેલા હોય તે જનતાનું શું ભલું કરવાના? સુરત શહેરની સદા જાગૃત સંસ્થા વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્રના દક્ષિણ ગુજરાતના પ્રમુખ છગનલાલ ડી. મેવાડા સને ૨૦૦૬ની પરિસ્થિતી જોતાં અને દર ચોમાસે આવતી પાણીની રેલ ખાડી કિનારે રહેતા નાગરિકોની ઘર વખરીનું નુકશાન થાય છે તે માટે આ સંસ્થા ધ્વારા સને ૨૦૧૬ માં PIL ૫૧/૨૦૧૬, ૫૦/૨૦૧૬ અને ૩૪૯૦૭/૨૦૨૨ પબ્લિક હિત માટે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલી. જે તે સમયે ગુજરાત હાઈકોર્ટે સુડાના અને મ.ન.પા ના અધિકારીઓને ગુજરાત સરકારના અધિકારીઓને નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નોટિસ પાઠવેલી કે સ્થળ પર જાત તપાસ કરી તેનો રિપોર્ટ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રજૂ કરવો. પરંતુ જાડી ચામડીના અધિકારીઓ ધોળીને પી જતાં હાઈકોર્ટનો અનાદર કરી પોતાની મનમાની કરી આજદિન સુધી નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશનો કોઈ અમલ કરવામાં આવેલ નથી. જેના કારણે આજદિન સુધી પ્રજાને ખાડીપૂરનો ભોગ બની સુરત શહેરની જનતાને નુકશાન વેઠવું પડી રહ્યું છે. જેના મૂળમાં આ ખંધા-ખાઈ બદેલા અને ગેંડાની ચામડી ધરાવતા સુરત મ.ન.પા, સુડા, કલેક્ટર સહિતના તમામ જવાબદાર અધિકારીઓએ દાખવેલી બેજવાબદારીનું પાપ શહેરની નિર્દોષ જનતા ભોગવી રહી છે.

### શું ભારત આ રીતે વિકસિત બનશે?

# ભારતમાં દસ વર્ષમાં ૯૪૦૦૦ સરકારી સ્કુલોને લાગ્યા તાળાં, જ્યારે દેશમાં દરરોજ બંધ થઈ રહી છે ૨૫ સરકારી સ્કુલો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

કેન્દ્ર સરકારના જ નીતિ આયોગ નો રિપોર્ટ જણાવે છે કે ભારતમાં દરરોજ ૨૫ સ્કૂલો બંધ થઈ રહી છે. જ્યારે ૧૦ વર્ષમાં ૯૪૦૦૦ સરકારી સ્કૂલોને લાગી ગયા છે તાળા. જ્યારે ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશમાં સૌથી વધુ ૪૦૦૦૦ શાળાઓ બંધ થઈ અને એને કારણે ૨૨૬ કરોડ વિદ્યાર્થીઓએ એડમિશન ગુમાવ્યા.

નીતિ આયોગ દ્વારા ભારતીય શિક્ષણ વ્યવસ્થા અંગે તાજેતરમાં જાહેર કરવામાં આવેલો એક અહેવાલ ભારે ચોંકાવનારો છે.

સ્કૂલ એજ્યુકેશન સિસ્ટમ ઈન ઈન્ડિયાઃ ટેમ્પોરલ એનાલિસિસ એન્ડ પોલીસી રોડ મેપ ફોર ક્વોલિટી એન હાંસમેન્ટ શીર્ષક હેઠળના આ રિપોર્ટમાં ખુલાસો થયો છે કે છેલ્લા ૧૦ વર્ષમાં દેશભરમાંથી ૯૪૦૦૦ જેટલી સરકારી શાળાઓ નામશેષ થઈ ગઈ છે. શિક્ષણ જગતમાં ચિંતાની લહેર જગાડતા આ આંકડા સ્પષ્ટ કરે છે કે ગ્રામીણ ભારતમાં શાળાકીય શિક્ષણ અત્યારે એક મોટા સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. ઉપરાંત રિપોર્ટના ચોકાવનારા આંકડા દર્શાવે છે કે છેલ્લા ૧૦ વર્ષમાં ભારતમાં દરરોજ સરેરાશ ૨૫ શાળાઓ બંધ થઈ છે જેમાં સૌથી મોટો હિસ્સો સરકારી શાળાઓનો છે. સરકારી શાળાઓમાં થતો ઘટાડો વર્ષ ૨૦૧૪-૧૫ દેશમાં સરકારી શાળાઓની સંખ્યા ૧૧.૦૭ લાખ હતી. જે વર્ષ ૨૦૨૪-૨૫ માં ઘટીને ૧૦.૧૩ લાખ થઈ ગઈ છે.

જ્યારે આજ ગાળામાં સરકારી સહાયતા મેળવતી શાળાઓની સંખ્યા પણ ૮૩૦૦૦ થી ઘટીને ૭૯૦૦૦ થઈ ગઈ છે. ખાનગી શાળાઓમાં આનાથી ઊલટું છે. આ દસ વર્ષના ગાળામાં ખાનગી શાળાઓની સંખ્યા ૨.૮૮લાખ થી વધીને ૩.૩૯ લાખ પર પહોંચી ગઈ છે. સમગ્ર શિક્ષણ વ્યવસ્થા સામે એક મોટો પડકાર છે. જો આમને આમ ચાલશે તો ભણશે ગુજરાત, વાંચશે ગુજરાત, લખશે ગુજરાત નું સૂત્ર માત્ર બ્લેકબોર્ડ ઉપર શોભામાં અભિવૃદ્ધિ કરતું જ નજર પડશે. વાસ્તવમાં એના અમલનું શું?

# દવા કંપનીઓની મનમાની હવે નહી ચાલેઃ દેશમાં ૩૯ જરૂરી દવાઓના ભાવ થયા નકકીઃ નિયમોનુ ઉલ્લંઘન કરનારી કંપનીઓ સામે કડક કાર્યવાહી

પ્રતિનિધિ,ગાંધીનગર

સામાન્ય જનતાને તબીબી ખર્ચમાંથી મોટી રાહત આપવા માટે કેન્દ્ર સરકારે એક મોટો અને મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. દેશમાં દવાઓની કિંમતો પર નજર રાખતી સંસ્થા નેશનલ ફાર્માસ્યુટીકલ પ્રાઈસીંગ ઓથોરીટી દ્વારા ૩૯ નવી આવશ્યક દવાઓની મહત્તમ છુટક કિંમત નિર્ધારીત કરી દેવામાં આવી છે. સરકાર દ્વારા આ સત્તાવાર આદેશ ડ્રગ્સ પ્રાઈસ કંટ્રોલ ઓર્ડર ૨૦૧૩ અંતર્ગત બહાર પાડવામાં આવ્યો છે. આ નવુ જાહેરનામુ ૮ જુલાઈના રોજ જાહેર કરવામાં આવ્યુ છે. આ યાદીમાં રોજીંદા જીવનમાં તેમજ ગંભીર સ્થિતિમાં ઉપયોગમાં લેવાતી દવાઓ સામેલ છે. જેમાં ડાયાબીટીસ, હાઈબ્લડ પ્રેશર, હૃદય રોગ, આંખની બિમારી, શ્વાસની તકલીફ અને કેન્સર જેવી જીવલેણ બિમારીઓની દવાઓનો સમાવેશ થાય છે. વિગતવાર વાત કરીએ તો આ લીસ્ટમાં ટેનેકટેપ્લેસ ઈન્જેકશન, વિટામીન-ડી ૩ ઓરલ સોલ્યુશન, ઈમેટીનીબ ઓરલ સોલ્યુસન તેમજ એમ્પેગ્લિફલોઝીન, ટેલ્મિસાર્ટન, એસ્પિરિન, એટોરવાસ્ટેટીન અને કલોપીડોગ્રેલ કોમ્બિનેશન ધરાવતી દવાઓના ભાવ નકકી કરાયા છે.



એનપીપીએ ના આદેશ અનુસાર હવે કોઈપણ ફાર્માસ્યુટીકલ કંપની આ દવાઓને સરકારે નકકી કરેલી કિંમત કરતા વધુ ભાવે વેચી શકશે નહી. તમામ દવા ઉત્પાદકોએ પોતાના ડીલરો અને રાજયના ડ્રગ રેગ્યુલેટર ને નવી કિંમતોની તાત્કાલીક જાણકારી આપીને અપડેટ પ્રાઈસ લીસ્ટ મોકલવી પડશે. જેથી દર્દીઓ સુધી સાચા ભાવે દવા પહોચી શકે, આ ઉપરાંત કંપનીઓ દવાઓ પર મનસ્વી રીતે જીએસટી ઉમેરી શકશે નહી, તેઓ ટેક્ષ માત્ર ત્યારે જ ઉમેરી શકશે જયારે તે ખરેખર સરકારમાં ચુકવવામાં આવ્યો હોય, જો કોઈ કંપની નિયમોનુ ઉલ્લંઘન કરીને વધુ કિંમત વસુલશે, તો તેની પાસેથી વધારાની રકમ વ્યાજ સાથે વસુલવામાં આવશે. આ કડક કાર્યવાહી એસેન્શિયલ કોમોડીટીઝ એકટ હેઠળ કરવામાં આવશે. જેથી દર્દીઓનુ શોષણ અટકાવી શકાય.

# બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા ડેમમાં પાણીની સપાટી ઘટીઃ ખેડુતો માટે ચિંતાનુ મોજુ

પ્રતિનિધિ,ગાંધીનગર

સમગ્ર ગુજરાતમાં ચોમાસાએ જમાવટ કરી છે અને મોટાભાગના જિલ્લાઓમાં મેઘરાજા મન મુકીને વરસી રહ્યા છે. પરંતુ બનાસકાંઠા જિલ્લાના ખેડુતો માટે ચિંતાના વાદળો ઘેરાયા છે. જિલ્લાની જીવાદોરી ગણાતા દાંતીવાડા ડેમમાં પાણીની નવી આવક સદંતર અટકી ગઈ છે. જેના કારણે ખેડુતોના શિયાળુ અને ઉનાળુ પાકના ભવિષ્યને લઈને મોટી ચિંતા તોળાઈ રહી છે, ડેમમાં પાણી ન આવવા પાછળનુ મુખ્ય કારણ ઉપરવાસમાં વરસાદનો અભાવ છે.

રાજસ્થાનના સિરોહી વિસ્તારમાં વરસાદનુ પ્રમાણ ઓછુ રહ્યુ છે. આ ઉપરાંત અંબાજી પંથક અને બાલારામ નદીના પટ વિસ્તારમાં પણ હજુ સુધી મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી નથી. રાજયના અન્ય જળાશયોમાં પાણીની સપાટી ઝડપથી વધી રહી છે. ત્યારે દાંતીવાડા ડેમમાં પાણીની આવક શુન્ય હોવાથી વહિવટી તંત્ર પણ પરિસ્થિતિ પર બાજ નજર રાખી રહ્યુ છે. સ્થાનિક ખેડુતોનુ કહેવુ છે કે જો હવે પછીના સમયમાં સારો વરસાદ નહી થાય તો ખરીફ પાક તો મુશ્કેલીમાં મુકાશે જ, પરંતુ શિયાળુ અને ઉનાળુ પાકનુ વાવેતર કરવુ પણ આર્થિક રીતે ખેડુતોને પરવડે તેમ નથી.



ડેમમાં પાણી ન હોવાથી ભુગર્ભજળ પણ પાતાળ માં જઈ રહ્યા છે. હાલમાં સમગ્ર બનાસકાંઠા જિલ્લાના ખેડુતોની મીટ માત્ર ઉપરવાસમાં થનારા વરસાદ પર મંડાયેલી છે. ખેડુતો આશા સેવી રહ્યા છે કે મેઘરાજા રીઝશે અને દાંતીવાડા ડેમ છલોછલ ભરાશે.

જેથી તેમનુ આગામી વર્ષ સુરક્ષિત બની શકે, ચોમાસાના મધ્યમાં પણ દાંતીવાડા ડેમમાં અત્યારે માત્ર ૨૬.૨૨ ટકા જ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. ડેમમાં રહેલો આ મર્યાદીત જથ્થો હાલમાં માત્ર પીવાના પાણીની જરૂરીયાતોને પુરી કરવા માટે જ સિમિત છે. જો આવનારા દિવસોમાં ઉપરવાસમાં ધોધમાર વરસાદ નહી પડે તો સિંચાઈ માટે પાણી છોડવુ તંત્ર માટે અશકય બની જશે.

# જો ખેડુતોને પુરતુ વળતર નહી મળે તો લાલ લાઈટવાળી ગાડીમાં ફરતા મિનિસ્ટરોને ૧૦૮માં પહોચાડવાના : મોરબીના કલેકટરને થાંભલે ન બાંધુ તો હું અમૃતીયાના પેટનો નહી

પ્રતિનિધિ,ગાંધીનગર

મોરબીના જેતપર ગામે ચાલતા ખેડુત આંદોલનમાં રાજય મંત્રી કાંતિ અમૃતીયાના ભાઈ રાકેશ અમૃતીયા પણ જોડાયેલા છે અને ગુરૂવારે રાત્રે ઉપવાસી છાવણી ખાતે આભારવિધિ કરવા માટે તેઓ આવ્યા હતા ત્યારે તેઓનો આક્રમક મિજાજ જોવા મળ્યો હતો અને કહ્યુ હતુ કે જો ખેડુતોને પુરતુ વળતર નહી મળે તો લાલ લાઈટવાળી ગાડીમાં ફરતા મિનિસ્ટરોને ૧૦૮ માં ઘાલવાના છે અને મિનિસ્ટરો તેમજ ધારાસભ્યોના ઝભ્ભા ફાડવાના છે. એટલુ જ નહી પૂર્વ કલેકટર દ્વારા કરવામાં આવેલા ઓર્ડર સામે પણ આક્રોશ વ્યકત કર્યો હતો. મોરબીના જેતપર ગામે ચાલતા ખેડુત આંદોલન દરમિયાન ગુરૂવારે રાત્રે અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, નર્મદા અને સાબરકાંઠા સહિતના ૧૨ જિલ્લાના ખેડુતો સાથે બેઠકનુ આયોજન કરવામાં




આવ્યુ હતું અને ઉપવાસી છાવણી ખાતે આવેલા ખેડુતોએ પોતાના વળતર બાબતે લાગણી અને સુચનો રજુ કર્યા હતા. ત્યારબાદ કાર્યક્રમના અંતે સૌનો આભાર વ્યકત કરવા માટે થઈને આંદોલન સમિતિના સભ્ય તેમજ રાજયમંત્રી કાંતિભાઈ અમૃતીયાના નાના ભાઈ રાકેશભાઈ અમૃતીયા ઉભા થયા હતા. ત્યારે તેઓ છેલ્લા દિવસથી ચાલતા ખેડુત આંદોલનમાં સહકાર અપનાર તમામ ખેડુતોનો આભારવ્યકત કર્યો હતો. તેમજ આંદોલનમાં લોકોના જમણવાર થી લઈને અનેક પ્રકારની સેવાઓમાં સહકાર આપનાર બહેન દિકરીઓને ચંડી અને ચામુંડાનુ રૂપ ગણાવીને તમામ ખેડુતોને સિંહ સમાન ગણાવ્યા હતા. ત્યારબાદ રાકેશ અમૃતીયાએ કહ્યુ હતુ કે આંદોલન પાર્ટ ૩ નહી હવે પાર્ટ ૪ સીધુ ચાલુ કરો, હવે ભુખ્યા મરવાનુ નથી, એને મારવાના છે અને આ આંદોલન દરમિયાન કોઈપણ આંદોલનકારી કે ખેડુતને કોઈપણ વ્યકિત ધમકી આપે તો તેનો નંબર મને આપજો, એવો કયો ધમકી દેવાવાળો પેદા થયો, તમે અમારા ખેતરમાં થાંભલા નાંખી ગયા છો, શું અમે તમારા ઘરમાં નહી ધરીએ, હવે મિનિસ્ટરો અને ધારાસભ્યોના ઝભ્ભા ફાડવાના છે અને જો ખેડુતોને પુરતુ વળતર ન મળે તો જે મિનિસ્ટરો લાલ લાઈટવાળી ગાડીમાં ફરે છે તેને ૧૦૮ માં ઘાલવાના છે. મોરબી જિલ્લાના પૂર્વ કલેકટર કે બી ઝવેરીએ કરેલા ઓર્ડરને ધ્યાનમાં રાખીને રાકેશભાઈએ કહ્યુ હતુ કે જે ઓર્ડર આપ્યો તે એના બાપના ખેતર હતા. ખેતર અમારા બાપના છે, એક દિ એને પકડવાયો છો અને અહીંયા થાંભલે ન બાંધુ તો અમૃતીયાના પેટનો નહી તેવી ચેલેન્જ આપી હતી. આમ ખેડુતોનુ આંદોલન હવે ધીમેધીમે ઉગ્ર રૂપ પકડતુ હોય તેવુ દેખાઈ રહ્યુ છે.

### ૪૦ થી ૫૦ લાખ રૂપીયા પડાવી લીધા હોવાનો આરોપ : ગુજરાત નર્સિંગ કાઉન્સિલે પોતાનો બચાવ કર્યો

# છોટા ઉદેપુરની નર્સિંગ કોલેજમાં આદિવાસી વિદ્યાર્થીઓ પાસેથી ૫૦ લાખની ગેરકાયદે વસુલાત મુદ્દે યુવરાજસિંહની નર્સિંગ કાઉન્સિલમાં ફરીયાદ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

છોટા ઉદેપુર સ્થિત મા ગાયત્રી નાર્સિંગ કોલેજ સામે આદિવાસી વિદ્યાર્થીઓના આર્થિક શોષણ અને કરોડો રૂપીયાના ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો ઉઠયા છે. વિદ્યાર્થીઓના હિત માટે લડતા યુવા નેતા યુવરાજસિંહ જાડેજાએ આ સમગ્ર કથિત કૌભાંડ અંગે ગુજરાત નર્સિંગ કાઉન્સિલ સમક્ષ પુરાવા સાથે લેખિત ફરીયાદ નોંધાવી છે. આ ફરીયાદ બાદ શૈક્ષણિક આલમમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. ફરીયાદ કરવામાં આવેલા આક્ષેપો અનુસાર કોલેજ પ્રશાસન દ્વારા ફ્રિશીપ કાર્ડ ધરાવતા ગરીબ અને આદિવાસી



વિદ્યાર્થીઓ પાસેથી ગેરકાયદેસર રીતે મોટી પેનલ્ટી વસુલવામાં આવી રહી છે. એટલુ જ નહી જો કોઈ વિદ્યાર્થી હોસ્ટેલમાં ન રહેતો હોય તો પણ તેની પાસેથી ફરજીયાતપણે ફુડ બીલ અને હોસ્ટેલ ફી ઉઘરાવવામાં આવી રહી છે. નિયમોની ઐસી તૈસી કરીને કોલેજ સત્તાધીશોએ વિદ્યાર્થીઓની અસલ માર્કશીટ પણ જપ્ત કરી લીધી છે. જેથી કોઈ અવાજ ન ઉઠાવી શકે. આરોપ મુજબ પ્રાથમિક અંદાજ મુજબ કોલેજે ગેરકાયદેસર રીતે વિદ્યાર્થીઓ પાસેથી અંદાજે રૂપીયા ૪૦ થી ૫૦ લાખ રૂપીયા પડાવી લીધા છે. તો બીજી તરફ આટલા ગંભીર આક્ષેપો વચ્ચે ગુજરાત નર્સિંગ કાઉન્સિલે પોતાનો બચાવ કર્યો છે. રજીસ્ટ્રાર ડોકટર પ્રજ્ઞા ડાભી એ નિવેદન આપતા જણાવ્યુ હતુ કે અત્યાર સુધી અમારી પાસે આવી કોઈ સત્તાવાર ફરીયાદ આવી ન હોવાથી તપાસ કરવામાં આવી ન હતી, જો કે હવે યુવરાજસિંહ જાડેજા દ્વારા સત્તાવાર રજુઆત કરવામાં આવી હોવાથી વહિવટી તંત્ર જાગ્યુ છે. રજીસ્ટ્રારે ખાત્રી આપી છે કે આગામી બોર્ડ મીટીંગમાં આ ગંભીર મામલાને એજન્ડા પર લઈને ઉંડી ચર્ચા કરવામાં આવશે અને જો કોલેજ દોષિત જણાશે તો તેની સામે કાયદાકીય કડક કાર્યવાહી કરવામાં આવશે.

# સુરત પૂરમાં ૪ હજારથી વધુ બાઈક-કાર પાણીમાં ડુબીઃ ગેરેજોમાં એક મહિનાનુ વેઈટીંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

શહેરમાં તાજેતરમાં પડેલા અતિભારે વરસાદ અને ત્યારબાદ આવેલા ખાડીપૂરે માત્ર જનજીવન જ નહી પરંતુ હજારો વાહન ચાલકોના બજેટને પણ મોટો ફટકો પહોચાડયો છે. અચાનક આવેલા પૂર ના પાણીના કારણે અનેક વિસ્તારોમાં વાહનો રોડ રસ્તા પર ફસાઈ ગયા હતા અને વાહન ચાલકોને પોતાની બાઈક કે કારને સલામત સ્થળે ખસેડવાનો પણ સમય મળ્યો ન હતો. અંદાજે ૪ હજાર થી વધુ બાઈક અને કાર પૂર ના પાણીમાં ડુબી જતા હવે સુરત શહેરના ગેરેજ અને ઓથોરાઈઝડ સર્વિસ સેન્ટરો પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ છે. પૂર ના પાણી ઓસર્યા બાદ વાહન ચાલકો પોતાની ગાડીઓ શરૂ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ મોટાભાગના વાહનો સ્ટાર્ટ જ થતા નથી. પરીણામે શહેરના નાના મોટા ગેરેજો પર સવાર થી સાંજ સુધી ભારે ભીડ જોવા મળી રહી છે. અનેક સ્થળોએ વાહનોને ટેમ્પો અને ટોઈંગ વાહન મારફતે ગેરેજ સુધી પહોચાડવામાં આવી રહ્યા છે. ગેરેજ માલીકોના જણાવ્યા અનુસાર કલાકો સુધી પાણીમાં ડુબેલા વાહનોમાં સૌથી વધુ નુકશાન એન્જીન, ગીયર બોકસ



અને ઈલેકટ્રોનીક સિસ્ટમને થયુ છે. બાઈકના એર ફીલ્ટરથી લઈને કારના એન્જીન સુધી પાણી પહોચી જતા ઘણા વાહનોમાં એન્જીન સીઝ થઈ ગયા છે. આધુનિક કારોમાં રહેલા સેન્સર, ઈસીયુ , વાયરીંગ અને અન્ય ઈલેકટ્રોનીક પાર્ટસ માં શોર્ટસર્કિટ થતા મોંઘા રીપેરીગની સ્થિતિ ઉભી થઈ છે. ઘણા વાહનોમાં મીટર, પાવર વિન્ડો, સેન્ટ્રલ લોકીંગ , એરબેગ સિસ્ટમ અને અન્ય ઈલેકટ્રોનીક ફીચર્સ પણ બંધ થઈ ગયા છે. ગેરેજ સંચાલકોનુ કહેવુ છે કે કેટલીક ગાડીઓમાં નુકશાન એટલુ ગંભીર છે કે રીપેરીંગનો ખર્ચ લાખો રૂપીયા સુધી પહોચી શકે છે.

વિનાયક મોટરના સંચાલકે ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે ભારે વરસાદ બાદ એક સાથે મોટી સંખ્યામાં વાહનો ગેરેજમાં આવતા વર્કશોપ સંપૂર્ણ ભરાઈ ગયા છે. હાલમાં સૌથી પહેલા તમામ વાહનોની સાફ સફાઈ કરવામાં આવી રહી છે. ત્યારબાદ એન્જીનમાંથી પાણી કાઢી, ઓઈલ બદલવામાં આવશે અને સેન્સર તથા ઈલેકટ્રોનીક પાર્ટસ ની તપાસ બાદ વાહન શરૂ કરવાનો પ્રયાસ કરવામાં આવશે. તેમણે વધુમાં ઉમેર્યુ કે હાલની સ્થિતિમાં ગેરેજોમાં લગભગ એક મહિનાનુ વેઈટીંગ ચાલી રહ્યુ છે. ઘણા વાહનોના સ્પેરપાર્ટસ ઉપલબ્ધ નથી. જેના કારણે કંપનીમાંથી પાર્ટસ મંગાવવાની ફરજ પડી રહી છે. ખાસ કરીને લકઝરી કારોના પાર્ટસ આવવામાં વધુ સમય લાગી રહ્યો છે. પૂર ના સૌથી વધુ પ્રભાવીત વાહનોમાં નવી ટેકનોલોજી ધરાવતી હાઈબ્રિડ અને ઈલેકટ્રીક કારનો સમાવેશ થાય છે. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ આવા વાહનોમાં હાઈવોલ્ટેજ સિસ્ટમ, બેટરી પેક અને અનેક અદ્યતન સેન્સર હોવાથી પાણી પ્રવેશતા ટેકનીકલ સમસ્યાઓ વધુ ગંભીર બની રહી છે. ઘણી ગાડીઓમાં ચોકકસ ખામી શોધવા માટે કંપનીના ટેકનીકલ સપોર્ટ ની જરૂર પડી રહી છે. એક કાર માલીકે જણાવ્યુ હતુ કે તેમની કાર સંપૂર્ણપણે પાણીમાં ડુબી ગઈ હતી. જેના કારણે મીટર, સીટ, બેટરી, વાયરીંગ અને એન્જીન સહિત અનેક ભાગોને નુકશાન થયુ છે અને હાલ ગાડીનુ રીપેરીંગ ચાલુ છે. વરાછાના સવાણી વિસ્તારમાં આવેલા મહાદેવનગરમાં ગેરેજ ચલાવતા માલીકે જણાવ્યુ હતુ કે છેલ્લા ૭ વરસમાં તેમણે આવુ વિનાશક પૂર કયારેય જોયુ નથી. આસપાસના વિસ્તારોમાં ઘુંટણસમા પાણી ભરાઈ જતા અનેક વેપારીઓ અને રહેવાસીઓને ભારે નુકશાન સહન કરવુ પડયુ, તેમણે વધુમાં જણાવ્યુ કે નજીકમાં આવેલા હીરાના કારખાનાઓમાં કામ કરતા રત્ન કલાકારો પોતાની બાઈકો પાર્ક કરીને કામ પર ગયા હતા. પરંતુ અચાનક આવેલા પૂર ના કારણે તમામ વાહનો પાણીમાં ડુબી ગયા, અનેક લોકો વાહનો સ્થળ પર જ છોડી ને પગપાળા ઘરે જવા મજબુર બન્યા હતા. બીજા જ દિવસે તેમના ગેરેજમાં એક સાથે ૬૦ થી ૭૦ બાઈકો રીપેરીંગ માટે આવી હતી.

# ૨૬ વર્ષીય શ્રમિક યુવાને ટ્રેન નીચે ઝંપલાવી આપઘાત કર્યો

### પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક યુવાનની ઓળખ ૨૬ વર્ષીય ધર્મેન્દ્રભાઈ રામભરોસા ચૌહાણ તરીકે થઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકામાંથી એક અત્યંત કમકમાટીભરી અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ગોંડલ પંથકમાં આવેલા રીબડા રેલવે સ્ટેશન અને અરડોઈ રેલવે ટ્રેક વચ્ચે એક શ્રમિક યુવાને દોડતી ટ્રેન નીચે ઝંપલાવીને આપઘાત કરી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ટ્રેનની ભયાનક ટક્કર વાગવાના કારણે યુવાનનું ઘટનાસ્થળે જ ગંભીર ઈજાઓ થતાં કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે રેલવે ટ્રેક પર સ્થાનિક લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા.

ગત મોડી રાત્રે આશરે ૧ વાગ્યાની આસપાસ વેરાવળથી ગાંધીનગર જતી ટ્રેન (નંબર ૨૨૯૫૮) પસાર થઈ રહી હતી, ત્યારે યુવાને અચાનક જ કાળમુખી ટ્રેનની સામે કૂદકો મારી દીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક યુવાનની ઓળખ ૨૬ વર્ષીય ધર્મેન્દ્રભાઈ રામભરોસા ચૌહાણ તરીકે થઈ છે, જેઓ મૂળ ઉત્તર પ્રદેશના વતની હતા અને હાલ રાજકોટમાં રહીને છૂટક મજૂરી કામ કરતા હતા. મૃતક ધર્મેન્દ્રભાઈના લગ્ન હજુ દોઢ વર્ષ પહેલાં જ થયા હતા અને તેમના પરિવારમાં માતા-પિતા, ભાઈ તેમજ બહેન હોવાનું સામે આવ્યું છે.

આ ભયાનક અકસ્માત અને આપઘાતની જાણ વાયુવેગે પ્રસરતાં જ રેલવે પોલીસ તેમજ ગોંડલ તાલુકા પોલીસનો મોટો કાફલો તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળનું પંચનામું કરીને યુવાનના છિન્ન-ભિન્ન થઈ ગયેલા મૃતદેહને પોસ્ટમોર્ટમની કાયદેસરની કાર્યવાહી અર્થે ગોંડલની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો છે. નવપરિણીત અને આશાસ્પદ શ્રમિક યુવાને કયા અગમ્ય કારણોસર કે માનસિક તણાવમાં આવીને આ આત્મઘાતી પગલું ભર્યું છે, તે દિશામાં ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધીને ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.